
Rs. 5/-

श्री स्वामिनारायण

May 2009





ધર્મકુળ વંદના મહોત્સવ

વિજય સ્તંભ સ્થાપન વિધિ

પ્રકાશક: શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧


Published by Shree Swaminarayan Temple, Ahmedabad-1



સીડની આપણા મંદિરમાં દીપ પ્રગટાવતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી સાથે બ્લેક ટાઉનના મેયર અને નાના પી.પી.સ્વામી અને રામકૃષ્ણદાસજી



સીડનીના રાજમાર્ગો પર શોભાયાત્રામાં દર્શન આપતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



કલિવલેન્ડ મંદિરમાં ઠાકોરજીનો પાટોત્સવ અભિષેક કરતાં પ.પૂ.મોટા મહારાજશ્રી




કલિવલેન્ડ મંદિરમાં સભામાં દર્શન આપતાં પ.પૂ.મોટા મહારાજશ્રી અને કથામૃત પાન કરાવતાં શા.ધર્મવલ્લભદાસજી




ચેરીહિલ મંદિરમાં સત્સંગી બાળકો દ્વારા ફુલદોલોત્સવની ઉજવણી



ચેરીહિલ મંદિરમાં રામનવમીના શ્રીહરિ પ્રાગટયોત્સવની આરતી ઉતારતાં શા.વિશ્વપ્રકાશદાસજી અને દર્શનનો લાભ લેતા હરિભક્તો





સંસ્થાપક

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
www.swaminarayanmuseum.com

ફોન

૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.info
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ

વાર્ષિક : રૂ. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂ. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂ. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ રૂ. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - 3 | આક : 25 | મેં-2009

અ નુ ક્ર મ ણિ કા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	3
3.	શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો અમદાવાદ મંદિર	૪
૪.	શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના લાભાર્થ પ.પૂ. મોટા મહારાજશ્રીનો પૂર્વ આફ્રિકા પ્રવાસ	૬
૫.	પ્રેમી તે જનને વશ પાતળીયો	૮
૬.	આચાર્ય મહારાજશ્રીને લગ્નમાં હાથી ભેટ તરીકે મળતો	૯
૭.	સત્સંગ બાલવાટિકા	૧૧
૮.	ભક્તિસુધા	૧૩
૯.	પ્રશ્નપેટી	૨૧
૧૦.	સત્સંગ ચમાચાર	૨૨

: સંપાદક, મુદ્રક અને પ્રકાશક :

મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે
શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

અસ્મદીયમ્

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે વિશ્વને તથા સંપ્રદાયને આપેલી અણમોલ સ્વહસ્તે પોતાની હયાતીમાં જેમને પોતાના સ્થાને ગાદી ઉપર આરુઢ કરી સ્વયં જેમની આરતી તથા પૂજન કરેલ અને તમે સૌ ત્યાગી-ગૃહસ્થ આમની આજ્ઞામાં રહેજો એવી આજ્ઞા જેમના માટે કરી એવા મહાપુરુષ એટલે આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ, માત્ર ૧૮ વર્ષની વયે જેમણે અમદાવાદ શ્રી નરનારાયણદેવની ગાદી પ્રભુ આજ્ઞાથી સ્વીકારી અને સતત ૪૨ વર્ષ સુધી ગાદી પર રહી એ કપરા સમયમાં ગામોગામ તથા દેશોદેશ ફરી અનેક જીવોને સત્સંગની સર્વાવતારી શ્રીહરિની ઓળખાણ કરાવી હતી. છપૈયા, ઈડર, બામરોલી, જેવા મહામંદિરોનું નિર્માણ કરાવ્યું. અનેક ચોર-ડાકુ-લૂંટારુઓને વર્તમાન ધરાવી સત્સંગી કર્યા. અનેકને સુખમય જીવનનો મહામાર્ગ દેખાડ્યો અને બામરોલી જેવા ગામમાં તો વિશેષ કૃપા વરસાવી ને વરદાન આપ્યું "કે જે કોઈ મનુષ્ય આ ગામની હદમાં દેહ મુકશે તેને અમે સ્વયં શ્રીહરિને સાથે લઈ ધામમાં તેડી જઈશું." એ વરદાન આજ દિન પર્યન્ત સત્ય છે. આવા અનેક સત્સંગ વિકાસના કાર્યો જેમના દ્વારા થયા એ હતા આપણા આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ.

આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ એટલે ભગવાન શ્રીહરિના પનોતા પુત્ર એક આત્મનિષ્ઠ અને ધ્યાનનિષ્ઠ દેહના સુખ દુઃખથી પર એવા પુણ્યાત્મા, એક નિડર અને બાહોશ છતાં અપાર કરુણાથી ભરેલા હૃદયના માલિક એવા ધર્માચાર્ય, વચનસિદ્ધ હોવા છતાં નિરતંર નિરાભિમાની સદાય પ્રભુના બળને સંભારી પ્રભુને આગળ રાખી ચાલનારા ગૃહસ્થના વેષમાં પણ વૈરાગ્યવાન સંત, આવા આચાર્ય મહારાજશ્રીનો ૨૦૦ મો જન્મોત્સવ તા. ૩-૬-૦૯ ના રોજ આવી રહ્યો છે. તો આવો આપણે સૌ શ્રી નરનારાયણદેવની કૃપાથી ઉજવાનારા એ મહામહોત્સવ "શ્રી ધર્મકુળ વંદના મહોત્સવ"નો લાભ લઈ કૃતકૃત્ય થઈ આપણા કલ્યાણનું ભાથું ભરીએ.


તંત્રી શ્રી (મહંત સ્વામી)

શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના

જયશ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(એપ્રિલ - ૨૦૦૯)



૧-૨. નારાયણપર (કચ્છ) પધરામણી.

૨. શ્રીહરિ પ્રાગટ્યોત્સવ - શ્રીહરિ જયંતી રામનવમી - અક્ષરભુવન બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ - અભિષેક પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.

૩. થી ૧૫. રાત્રે સીડની (ઓસ્ટ્રેલીયા) આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં આયોજીત કથા-પારાયણ અને સત્સંગ પ્રચારાર્થે વિચરણ.

૧૬. થી ૧૭. ભુજ (કચ્છ) સુરજપર શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૮. શ્રી સ્વામિનારાયણ મંદિર ગુલાબપુરા (બહેનોનું) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૯. લસુન્દ્રા શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. દિપ્તિબેન મહેશભાઈને ત્યાં પધરામણી, એલીસબ્રીજ.

૨૦. ચરાડવા શ્રી સ્વામિનારાયણ મંદિર પારાયણ પ્રસંગે પધરામણી.

૨૨-૨૩. જામસર (હાલાર - મૂળીદેશ) પ.ભ. દયાળજીભાઈને ત્યાં પારાયણ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર જીરાગઢ (હાલાર) શ્રી રોકડીયા દાદાના પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૪. ડાંગરવા ગામે પધરામણી.

૨૫. અમરાઈવાડી શ્રી સ્વામિનારાયણ મંદિર કથાની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

૨૬. શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ (પૂર્વ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
ખોખરા શ્રી સ્વામિનારાયણ મંદિર મહાપૂજા પ્રસંગે પધરામણી.

૨૭. શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.પૂ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની જન્મ દ્વિશતાબ્દી ધર્મકુળ વંદના મહોત્સવના ઉપલક્ષમાં વિજય સ્તંભ નગરયાત્રા પોતાના અધ્યક્ષ સ્થાને ધામધૂમથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમથી શ્રી સ્વામિનારાયણ નગર પહોંચી જ્યાં વિજય સ્તંભ સ્થાપના પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પોતાના વરદ્ હસ્તે વેદવિધિસર સંપન્ન થઈ.

૨૮ શ્રી સ્વામિનારાયણ મંદિર અરોડા જુના (ઈડર દેશ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
રાત્રે ભુજ (કચ્છ) પધાર્યા.

૨૯. ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ - અભિષેક પોતાના વરદ્ હસ્તે વેદ વિધિસર સંપન્ન થયો.

૩૦. માણસા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ - અભિષેક પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.
પડુસ્મા (માણસા) ગામે પ.ભ. સુરેન્દ્રભાઈ એસ. પટેલને ત્યાં પધરામણી.
ધોળકા શ્રી સ્વામિનારાયણ મંદિર દર્શનાર્થે પધાર્યા. ત્યાંથી સિમેજ ગામે પધરામણી.

શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો અમદાવાદ મંદિર

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

પ્રસાદીના સ્થળોનું વર્ણન કરવામાં અમદાવાદ મંદિરથી બહાર જવું છે. પરંતુ જલ્દી બહાર નીકળી શકાય તેમ નથી. આ મંદિરમાં શ્રીજી મહારાજે અનંત લીલાઓ કરી છે, શ્રી નરનારાયણદેવે અનંત પરચા પૂર્યા છે.

મંદિરને વિષે શ્રીજી મહારાજની કેટલીક લીલાઓ : શ્રીજી મહારાજે ઘણા સ્થળોએ સમાધિ પ્રકરણ ચલાવ્યું છે. તેમ શ્રીહરિકૃષ્ણલીલામૃત ગ્રંથમાં અમદાવાદ મંદિરમાં પણ આ પ્રકરણની વાત લખી છે. એક સમયે ભગવાન શ્રીહરિ મેઘપુરથી સંતમંડળ સાથે અમદાવાદ પધારેલા, ત્યારે ધામધૂમથી મંદિરમાં પધાર્યા. શ્રીહરિ થાળ જમીને મંદિરની વિશાળ જગ્યામાં વિરામ કરતા હતા. પુરવાસીજનો શ્રીહરિનું દર્શન કરવા માટે ઉમટી પડ્યા. કામદેવને પણ મોહ પમાડનાર શ્રી નરનારાયણ મુનિનાં મનોહર દર્શન કરતાં જ ઘણા લોકો સમાધિમાં સરી પડ્યા. ભૂમિ ઉપર તત્કાલ ઢળી પડ્યા. સમાધિમાં કેટલાક લોકોને એવું જણાયું કે શ્રીહરિના અંગમાંથી અનંત કોટિ સૂર્યના સરખું તેજ નીકળીને ચારે બાજુ પ્રસરી રહ્યું છે. કેટલાક જનોને ગોલોક ધામ દેખાયું. તેમાં દિવ્ય શોભાને ધારણ કરનારા રાધિકાએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનના દર્શન થતા હતા. કેટલાક ભક્તો વૈકુંઠ ધામમાં જઈને ચતુર્ભુજ વિષ્ણુ ભગવાનનાં દર્શન કરતા હતા. બધા જ વર્ણના લોકો શ્રી નરનારાયણ મુનિનો પરબ્રહ્મ પરમાત્મા સ્વંય સાક્ષાત્ ભગવાન છે એવું માનતા હતા. તેથી શ્રધ્ધાપૂર્વક દર્શન કરવા દોડી આવ્યા હતા. આમાં યવન જાતિના જનો પણ હતા. જૈનો હતા. શાક્ત, કૌલ, શૈવ, વૈષ્ણવ અને અન્ય ધર્મોના મણસો પણ હતા. શ્રીહરિને જોતા જ તે બધા નાડીપ્રાણથી રહિત નિશ્ચેતન થઈ પૃથ્વી પર ઢળી પડ્યા હતા.

સમાધિ અવસ્થામાં જે રામચન્દ્રજીના ભક્તો હતા, તેમને સીતા, રામ અને લક્ષ્મણના દર્શન થતા હતા. નરસિંહજીના ભક્તો હતા, તેમને સમાધિમાં નૃસિંહ ભગવાનના દર્શન થતા હતા. શિવ પંથીને શંકર પાર્વતીના દર્શન તથા ગણપતિના ભક્તોને ગણપતિના દર્શન થતા હતા. એવી રીતે દેવી ભક્તોને દેવીનાં, જૈનોને તીર્થકરોના, મુસલમાનોને પૈગંબરોના અને બ્રહ્મજ્ઞાનીઓને બ્રહ્મતેજના દર્શન થતા હતા. સૂર્યના ઉપાસકો સૂર્યને તથા ચન્દ્રના ઉપસાકો ચન્દ્રને જોતા હતા. કેટલાક જનો ક્ષીર સાગરમાં રહેતા શેષ શાયીરૂપે શ્રીહરિના દર્શન કરતા હતા. કેટલાક આત્મજ્ઞાનીઓ દેહમાં રહેલા આધારાદિ ચક્રો અને તેના સ્થાનોને જોતા હતા તથા પોતાના આત્મસ્વરૂપને પણ જોતા હતા. કેટલાક જનોને શ્રીહરિની કૃપાથી અંતર્યામીપણું પ્રાપ્ત થતું હતું. આ પ્રમાણે શ્રીનારાયણ મુનિ ભગવાને દર્શને આવેલા સર્વજનોને સમાધિમાં પોતપોતાના ઈષ્ટદેવના દર્શન કરાવ્યા. તેથી સમાજમાં એક મોટો ઉદ્‌ઘોષ થયો કે પૃથ્વી ઉપર પ્રગટ થયેલા શ્રી નારાયણમુનિ સ્વયં પોતે જ ઈશ્વરનો અવતાર છે ! તથા મોટા ભાગના નગરવાસીઓ શ્રીહરિના શરણે આવતા હતા. તેમનો આશ્રય કરતા હતા અને તેમનું જ ભજન સ્મરણ કરતા હતા.

આવી જ રીતે શ્રીહરિ એક સમયે મંદિરની આગળ વેદિકા ઉપર વિરાજમાન થયેલા ત્યારે સ્વયં શ્રીહરિએ પોતાનું સર્વોપરિપણું કહેલું જે અત્રે લખવા યોગ્ય છે. તે સભામાં અમદાવાદના જગન્નાથ પટેલના પુત્ર રણછોડલાલ અને તેમના પુત્ર હરિવલ્લભ નામે ઉત્તમ ભક્ત હતા. તે હરિવલ્લભભાઈએ બે હાથ જોડી વિનયપૂર્વક ભગવાન સ્વામિનારાયણને પૂછ્યું હે કૃપાનાથ ! ભક્તજનોના પ્રિય હે પ્રભુ ! મારા મનમાં એક મોટો પ્રશ્ન છે. આપ સાંભળીને મને સાચી સલાહ આપો. મારે શું કરવું તેનો રસ્તો બતાવો. આ સત્સંગમાં તમારો દ્વેષ કરનારા ઘણા છે. આસુરી લોકો સત્સંગી હરિભક્તોના માળા, તિલક કે કંઠીની બહુ જ

ઈર્ષ્યા કરે છે. સત્સંગીઓને ત્રાસ આપે છે. આ ઉપાધિને દૂર કરવા માટે મેં દસ હજાર રૂપિયાનો ખર્ચ કરી નાખ્યો. છતાં પણ તેઓ દ્વેષભાવ મુકતા નથી. તો હવે મારે શું કરવું ? આ સત્સંગને વિષે મને થયેલી દ્રઢતા ક્યારેય ડગે નહિ એવો ઉપાય મને બતાવો. વળી પોતાના ધર્મમાંથી સ્હેજ પણ ચલાયમાન થયા ન હોય એવા પૂર્વે કોણ કોણ ભક્તો થઈ ગયા એની પણ વાત કરો.

સ્વામિનારાયણ ભગવાન કહે છે - હે ભક્તરાજ ! તમારા શરીરમાં રહેતા આત્માને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહથી અલગ જાણો. આત્માને અક્ષર બ્રહ્મરૂપ માનીને હું ભગવાનનો ભક્ત છુ. એવી દ્રઢતા કરો અને ભગવાનના સ્વરૂપનું માહાત્મ્ય જાણો. ભગવાનની મૂર્તિના સુખ સિવાય તેત્રીસ કોટિ બ્રહ્માદિક દેવોના લોકમાં ક્યાંય પણ સુખ નથી. મુળપુરુષ, મહામાયા, પ્રધાનપુરુષ, હિરણ્ય ગર્ભ, વૈરાટ નારાયણ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આ બધા ઈશ્વરો તથા સિધ્ધો, ગાંધર્વો, લોકપાલો એ સર્વેના ધામ, એમના ભોગ, એમની સુખ સમૃદ્ધિ અમારા અક્ષરધામની આગળ તુચ્છ છે. કોઈપણ લોકના સુખ અમારી મૂર્તિના સુખના એક અંશ બરાબર પણ નથી. હમણાં જ અમે કહ્યા તે બધા ઈશ્વરો અને દેવો અમારુ ભજન કરે છે. અમારી આજ્ઞા સિવાય એક તણખલું પણ હલાવવા તેઓ સમર્થ નથી. અમારા ભયથી સૂર્ય તપે છે. અમારા ભયથી પૃથ્વી સ્થિર રહે છે. હે બુદ્ધિવંત ! આ પ્રમાણે અમારો મહિમા તમે જાણો. તેણે કરીને આ લોકના પદાર્થમાં તમે બંધાશો નહિ. કુસંગનો યોગ થાય તો પણ તમારી સત્સંગ વિષેની દઢતા ડગશે નહિ.

પૂર્વે ઘણા ભક્તોને કષ્ટ સહન કરવા પડ્યા છે. અસહ્ય દુઃખો પડવા છતાં તેઓએ સહન શીલતા ગુમાવી નથી. અને સત્યને છોડ્યું નથી. પાંડવો, દ્રૌપદી, કુંતાજી, વસુદેવ, દેવકી, મુચકંદ રાજા, બ્રાહ્મણ શ્રીદામા, કંદર્પ વણિક, શેખ ફરિંદ, વિદુરજી, જાનકીજી, આ બધા શુરવીર ભક્તોએ ઘણાં દુઃખો સહન કર્યા છે. દુષ્ટોના અપમાન સહન કર્યા છે. તિરસ્કાર સહન કર્યા છે. સંપત્તિ ગુમાવી છે. છતાં આ બધાએ સંસારિક સુખ દુઃખને તુચ્છ જાણી ભક્તિ ભાવથી નિરંતર અમારું ભજન કર્યું છે. સંકટ સમયે પણ ધીરજ રાખીને પ્રહલાદ, જનક, યક્ષ, બલિ, શિબી, ધ્રુવ, જયદેવ, રંતિદેવ, સુધન્વા, મુદ્ગલ, અંબરીષ, નળ, મયૂરધ્વજ, હરિશ્ચંદ્ર, શુક, નારદ, જડભરત, ઋષભદેવ, જાજલિ, આરુણિ, ઉપમન્યુ આ બધા આપત્તિમાં પણ ધર્મ અને ભક્તિથી વિમુખ થયા નથી. આટલી વાત કરીને શ્રીહરિએ દરેક ભક્તનું અલગ અલગ આખ્યાન કહી સંભળાવ્યું.

(ક્રમશઃ)

ધર્મકુળ પ્રેમી હરિભક્તોની પ્રેરણાત્મક સેવા

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના સ્થાને બિરાજમાન શ્રી નરનારાયણદેવ ગાદીના આચાર્ય મહારાજશ્રી (વર્તમાન અને નિવૃત) અને પ.પૂ. લાલજી મહારાજશ્રી એમ સમસ્ત ધર્મવંશી માટે જેટલી આપણા ઈષ્ટદેવ શ્રીહરિ પ્રત્યે નિષ્ઠા હતી તેવી ને તેવી જ આજે લાખો હરિભક્તોમાં અને વંદનીય સંતોમાં જોવા મળે છે. કારણ કે આચાર્યશ્રીમાં સાક્ષાત્ શ્રીહરિ વસેલા છે. એટલે જ શ્રીજી મહારાજનું સાક્ષાત્ સ્વરૂપ કહેવાય છે.

હમણા ગત માસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી 'ધર્મકુળ વંદના મહોત્સવ' ના ઉપલક્ષમાં અમેરિકાના ધર્મ પ્રવાસે પધાર્યા હતા. જેના સમાચાર નાઈરોબી વસતા (મૂળ કચ્છના) પ.ભ. વાલજી કરશન હિરાણી અને પ.ભ. ભીમજી માવજી રાબડીયા આ બન્ને હરિભક્તોને શ્રીહરિ કૃપાથી પ્રેરણા-સ્ફુરણા થઈ કે આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી આપણા સૌના કલ્યાણ અને મોક્ષ માટે કેટલો દાખડો કરે છે. સહેજ પણ આરામ નહીં. તો આપણા આવા દયાળુ-કૃપા નિધિ આચાર્ય મહારાજશ્રીની અમેરિકા યાત્રાની એર ટીકીટની રૂ. ૨,૦૦,૦૦૦/- ની બન્ને હરિભક્તોએ સેવા કરીને પોતાનું જીવન ધર્મકુળની સેવા કરીને સાર્થક કર્યું. ધન્ય છે આવા ધર્મકુળ પ્રેમી હરિભક્તોને.

(બ્ર. પૂજારી રાજેશ્વરાનંદ)

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના લાભાર્થે

પ.પૂ. મોટા મહારાજશ્રીનો પૂર્વ આફ્રિકા પ્રવાસ

- પ્રફુલ ખરસાણી

દિવસો અને પછી કલાકો ગણતા ગણતા આખરે ૧૪ મીની એ રાત્રી આવી કે જ્યારે મારે પહેલીવાર પૂ. મોટા મહારાજશ્રીની સાથે વિદેશ પ્રવાસે જવાનું હતું. પણ એથી વિશેષ આનંદ એ હતો કે પંદર દિવસ સુધી સતત પ.પૂ. મોટા મહારાજશ્રીનું પવિત્ર સાનિધ્ય સાંપડવાનું હતું.

ગોવર્ધન તો તે પોતે જ ઉપાડવાના છે, 'પણ આપણે પણ આંગળી એમાં અડાડીએ.....' એમ સમજીને અમે પંદરેક સંત-હરિભક્તો પૂ. મહારાજશ્રી સાથે આફ્રિકાના પ્રવાસે ગયા હતા.

નૈરોબી પહોંચતા જ પ.ભ. લક્ષ્મણભાઈ એન્ડ કંપનીએ એરપોર્ટથી જ અમારી સરભરા આરંભી દીધી હતી. અગાઉ જાણ કરી હોવાથી ત્યાંનો સત્સંગ સમુદાય પણ માત્ર ચાખી ચાખીને એંઠા બોર નહોંતા રાખ્યા એટલું જ, બાકી શબરી ની જેમ આતુરતા પૂર્વક પૂ. મોટા મહારાજશ્રીની રાહ જોઈ રહ્યા હતા. એથી જ જ્યારે અમે સૌ પ્રથમ વખત નૈરોબી મંદિર પહોંચ્યા ત્યારે બેન્ડવાજા સહિત પૂરજોસમાં પૂ. મોટા મહારાજશ્રીનું સ્વાગત સામૈયું કરવા ત્યાંનો સત્સંગ સમુદાય હાજર થઈ ગયો હતો. પૂ. ગાદીવાળા પણ પધારવાના હોઈ મોટી સંખ્યામાં બહેનો પણ માથે ગોતીડા લઈ સ્વાગત સામૈયામાં હર્ષભેર સામેલ હતા. "મોરે મંદિર આજ બધાઈ, વાગે બાજા ભાતભાત કે ઢોલ નોબત શહનાઈ રે....." બધું શિસ્ત બધ્ધ ચાલતું હતું. ત્યાં ઉડીને આંખે વળગે તેવી બાબત એ હતી કે ત્યાંના નાના ટાબરિયાઓ પણ કોઈને કોઈ પ્રવૃત્તિમાં રત હતા. કોઈ બધાને ચંદનના ચાંદલા કરતા, તો કોઈ બાળક બધાને માળા-ગૌમુખી આપતા, તો કોઈ બાળક આરતી-પૂજાની સામગ્રી તૈયાર કરવામાં વ્યસ્ત હતા. અમને પાછળથી ખબર પડી કે આ નાની ફોજે (યુવક મંડળ અને યુવતી મંડળ) પોતાના પોકેટ મનીમાંથી પૈસા બચાવીને પૂ. મહારાજશ્રીના ચરણોમાં મ્યુઝિયમ માટે માતબર રકમ ભેટ ધરી અને આડકતરી રીતે મોટેરા સત્સંગીઓને મ્યુઝિયમ માટે મન મૂકીને અનુદાન લખાવવા માટે પ્રેરણા પુરી પાડી હતી. અમે અગાઉથી મ્યુઝિયમ કેવું બનશે. અને અત્યાર સુધીના ચાલી રહેલા કામની પ્રગતિને આવરી લેતી એક ફિલ્મ તૈયાર કરી ડીવીડીમાં સાથે લઈ ગયા હતા, અને ત્યાંના બધા મંદિરોમાં તે ફિલ્મ બતાવી સત્સંગીઓને પોતાના મ્યુઝિયમની પ્રગતિથી વાકેફ કરતા હતા. સાથે આવેલ સંતો શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી અને શાસ્ત્રી સ્વામી સત્ય સંકલ્પ દાસજી પૈકી નિર્ગુણ સ્વામી સત્સંગની વાતો કરતાં. નૈરોબી મંદિરમાં તેમના વક્તાપદે શ્રીમદ્ સત્સંગિ ભૂષણ પારાયણનું આયોજન પણ કરાયું હતું. સ્વામીની વાતથી ત્યાંના સત્સંગ સમુદાયની સત્સંગની ભૂખ સંતોષાઈ નહોતી ઉલટાની સત્સંગની ભૂખ ઉઘડી હતી. તેથી જ જ્યાં જ્યાં પૂ. મોટા મહારાજશ્રીની પધરામણી એ જતા ત્યાં લોકો સત્સંગ કરાવવાનો આગ્રહ રાખતાં અને સ્વામી સત્સંગ કરાવતા. કંઈ કેટલાય સત્સંગીઓના ઘરે, દુકાનોમાં, ઓફિસોમાં અને ખાણો (કોરી)માં પૂ. મોટા મહારાજશ્રીની પધરામણીઓ કરાવાઈ હતી. આટલી બધી જહેમત પૂ. મોટા મહારાજશ્રી જ્યારે સત્સંગ માટે કરતા હોય ત્યારે એમ લાગે કે બાપજી પ્રવત્તિ પારાયણમાંથી નિવૃત્તિ નારાયણ બની ગયા છે. બાપજી માટે વધુ કહેવું તે પવન ને સ્ટેચ્યુ કહી પંખો ચાલું કરવા જેવી બાબત છે.

આથી જ નૈરોબી મંદિરમાં સવાર-સાંજ ચાલતી પારાયણ અને વચ્ચે વચ્ચે ચાલતી પધરામણીઓના દોરમાં અમારું શું કામ છે તેમ કહી અમને લોકોને આફ્રિકન સફારી-મસાઈમારા જોવા જવાનું પણ આયોજન ગોઠવી આપ્યું હતું. કારણ કે અમારામાંથી આઠેક જણા પ્રથમ વખત આફ્રિકા આવ્યા હોવાથી ત્યાંના જોવાલાયક સ્થળોથી અમે વંચિત ના રહી જઈએ તેની ખાસ કાળજી પૂ. બાપજીએ રાખી હતી.

પૂ. બાપજી ઘણી વખત એક પ્રસંગ કહે છે કે "હું એકવાર વિમાનમાં મુસાફરી કરતો હતો. મારી બાજુની સીટમાં એક સહ પ્રવાસી જે ખૂબ ધનિક હતા. તેમને મેં પૂછયું ભાઈ, આપ શું વ્યવસાય કરો છો ? તેના પ્રતિ ઉત્તરમાં તેને જણાવ્યું કે હું તાતા કંપનીનો 'ટી' બનાવું છું. માટે મોટાના આશરે રહીએ તો તરી જવાય" કંઈ આવો

જ અનુભવ મને થયો હતો. મસાઈમારાના પ્રવાસ દરમ્યાન મને તરતા ના આવડતું હોવાથી હું ડૂબવા માંડ્યો હતો, ત્યારે હું પણ એક 'ટી' દ્વારા જ તરી ગયો હતો પણ તે 'ટી' ટાટાનો નહોતો તે 'ટી' હતો તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ..... હા મને પણ પૂ. બાપજીની કૃપાથી જ જીવતદાન મળ્યું.

ત્યાંથી પાછા નૈરોબી આવ્યાં અને બીજા દિવસે નૈરોબી મંદિરના પટાંગણમાં રંગોત્સવનું આયોજન કરાયું હતું. પૂ. મોટા મહારાજશ્રીના હસ્તે રંગાવાનો અવસર કોઈ અભાગ્યો હોય તે જ ચૂકે. આ જ કારણે મંદિરના ચોકમાં અકડેઠઠ ભીડ જમા થઈ હતી. પૂ. બાપજીના હાથે રંગાવા.... રંગીન પાણીના એક એક બુંદને ઝીલવા સત્સંગીઓ પડાપડી કરી રહ્યા હતા. અને મંદિરનાં ચોકમાં રંગોનું એક વિશાળ મેઘ ધનુષ્ય સર્જાયું હતું. આવો દિવ્ય અવસર નૈરોબી શું આખા આફ્રિકામાં સૌ પ્રથમ વખત આવ્યો હતો. હરિભક્તોના આનંદની કોઈ સીમા નહોતી.

નૈરોબીના નિવાસ દરમ્યાન અમારા યજમાન પ.ભ.શ્રી લક્ષ્મણભાઈ એન્ડ કંપની વાળા પ.ભ. શ્રી મનજીભાઈ, શ્રી કરશનભાઈ (મ્યુઝિયમના એન્જીનિયર) તથા શ્રી વીરજીભાઈ રાઘવાણી, શ્રી કરશનભાઈ અને શ્રી અરવિંદભાઈ સહ પરિવારનો નિર્માની પણાનો અનુભવ અમને ડગલે ને પગલે થઈ જતો. અમારી નાનામાં નાની જરૂરિયાતોને તે લોકો અવસર ઉજવતા હોય તે રીતે પૂરી કરતા. સાથે સાથે જયકૃષ્ણભાઈ ભીખાભાઈએ પણ પૂ. બાપજી, સંતો અને અમારી સરભરા કરવામાં રાઘવાણી બંધુઓના ખભેખભા મિલાવ્યા હતા. દરરોજ રાત્રે પૂ. બાપજીના ઉતારે સભા ભરાતી. બાપજીની ભાષામાં કહીએ તો સમાજ ભેગો થતો અને આખા દિવસમાં શું શું બન્યું અને બીજા દિવસના કાર્યક્રમ વિશે ચર્ચા થતી તે બધી વાતો મુખ્યત્વે હાસ્યરસની આજુબાજુ જ રહેતી. ત્યાં પણ યજમાન પરિવાર તરફથી આઈસ્ક્રીમ, ફ્રૂટ, જ્યુસ વગેરે પીરસાતા. મને મનમાં થતું હવે અત્યારે તો જંપો, ખવરાવી ખવરાવી ને શું મારી નાંખવા છે. પણ તે પણ તેમની ઉત્કૃષ્ટ ભાવનાનો એક પ્રકાર જ હતો.

માત્ર નૈરોબી જ નહી પણ આખા આફ્રિકામાં પૂ. મહારાજશ્રીના પ્રભાવ નીચે આખે આખો સત્સંગ સમાજ મ્યુઝિયમ માટે કાંઈક કરી છુટવાની મનોમન ગાંઠ વાળીને બેઠો હતો. નૈરોબીથી અમે સૌ પૂ. બાપજીના વડપણ હેઠળ યુગાન્ડાના કંપાલામાં ગયા ત્યાં પણ સર્વે હરિભક્તોનો ખૂબ સારો આવકાર સાંપડ્યો હતો. ત્યાંના મુખ્ય હરિભક્ત શ્રી પ્રેમજીભાઈ સીયાણી તથા નિતીનભાઈ વગેરેએ મ્યુઝિયમ માટેની હાકલ પડતાં જ એક સ્વામિનારાયણના સાચા સત્સંગીને છાજે તેવી રકમ લખાવી. પૂ. બાપજીને રાજી કરી લીધા હતા. ત્યાંથી રસ્તામાં આવતા નાના ગામડાઓ, હરિભક્તોના ઘરો, ફેકટરીઓ કોરીઓમાં પધરામણી કરતા કરતા એલ્ડોરેટ આવ્યા. ત્યાંના શ્રી રામજીભાઈ દેવજી તો ભારત-કચ્છમાં આવ્યા હતા પણ પૂ. બાપજી પોતાના ઘરે પધાર્યા તે જાણી છેક કચ્છથી પાછા માત્ર બે દિવસ માટે પૂ. બાપજીની સરભરા માટે અને મ્યુઝિયમ માટે પોતે કંઈક કરી અને બીજા સત્સંગીઓને પ્રેરણા પૂરી પાડવાના ઉમદા હેતુથી આવ્યા હતા.

પૂ. બાપજીએ અગાઉથી જ સૂચના આપી હતી કે કોઈ પણ હરિભક્તને સેવા માટે બળજબરીથી પ્રેરવો નહીં અને નાનામાં નાના હરિભક્તની પણ સેવા લેવી તો જ સાચા અર્થમાં એ આપણું મ્યુઝિયમ કહેવાશે. પરંતુ પૂ. બાપજીના દિવ્ય સાંનિધ્યનો એવો તો જાદુ હતો કે જે જે જગ્યાએ અમે જતાં ત્યાં ધારણા કરતા વિશેષ ભંડોળ ભેગું થતું. નૈરોબી હોય કે એલ્ડોરેટ કે કીસુમુના લાલજી ભાઈ દરેકે દરેક સત્સંગી પૂ. મોટા મહારાજશ્રીનો રાજીપો મેળવવા પોતાના સામર્થ્ય પ્રમાણે સેવા કરતા. કીસુમુમાં તો એક હરિભકતે પોતાના વ્યક્તવ્યમાં જણાવ્યું પણ હતું કે "આ આપણે ત્યાં પધાર્યા છે તેને ભલે આપણે મહારાજશ્રી તરીકે ઓળખીએ પણ આ સાક્ષાત્ શ્રીજી મહારાજ મૂર્તિમંત આપણે ત્યાં પધાર્યા છે અને તેમનો આવો સંકલ્પ થાય તો કોઈને પૂછવાય જવાનું શું બાકી રહે ? તેમને રાજી કરી લેવા જોઈએ. બે માળા ઓછી ફેરવાશે કે ચાર દંડવત ઓછા થશે તો ચાલશે પરંતુ રાજીપાનું ફળ અનેક ગણું વિશેષ છે. માટે પૂ. બાપજીને રાજી કરી લેવા." આમ આખે આખા આફ્રિકાનો સત્સંગ સમાજ પોતાના આંગણે આવેલ અવસરને વધાવી પોતાનું ગુરુ ઋણ અદા કરવાની પેરવીમાં પડ્યો હતો.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ બનાવવાના બાપજીના સંકલ્પને સાગરના તળીયેથી મોતી કાઢવાની ઘટના જોડે સરખાવી શકાય. કારણ કે તમે વિચારી તો જુઓ કે આ અત્યાર સુધીમાં ક્યા સંપ્રદાયમાં આવુ મ્યુઝિયમ બન્યું ? કે જે આવનારી પેઢી માટે આશીર્વાદ રુપ સાબિત થાય. જો પૂ. બાપજી આપણા બધા માટે, આપણા બધાની આવનારી પેઠી માટે વિચારીને મ્યુઝિયમ નિર્માણનો સંકલ્પ કરી બેઠા હોય તો આપણે શું વિચારવાનું રહે. આપણું એમાં શું યોગદાન હશે તે આજે જ નક્કી કરી અમલ કરવાની ઘડી આવી ગઈ છે. અને તો જ આપણો આ જન્મ સાર્થક થયો ગણાશે.

પ્રેમી તે જનને વશ પાતળીયો

- નિલેશ ભગત ગુરુ મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ)

આપણા ભારતીય શાસ્ત્રોમાં અને પુરાણોમાં પ્રેમને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે. પ્રેમથી પરમાત્માં તત્કાળ વશ થઈ જાય છે. પરમાત્માને પ્રસન્ન કરવા માટે બહુ ભણવાની જરૂર નથી. ધન, સંપત્તિની જરૂર નથી. કે ઉચ્ચજ્ઞાતિની પણ જરૂર નથી. કેવળ પ્રેમની જરૂર છે.

"પ્રેમ વિના શોભે નહિ હૃદય તે હરિ દાસનું"

ભગવાનના ભક્તોનું હૃદય પ્રભુ પ્રેમ વગર શોભે જ નહીં. ભગવાનમાં પ્રેમ જાગે પછી બીજા સાધનો ગૌણ બની જાય છે. સર્વોપરિ પ્રેમ ભક્તિ છે. નવધા ભક્તિમાં છે. છેલ્લી આવે પ્રેમ લક્ષણો ભક્તિ. એ પ્રેમ લક્ષણા ભક્તિ ન હોય તો નવધા ભક્તિ પ્રભુ સુધી પહોંચતી નથી. ગોપીઓને ભગવાનમાં પ્રેમ હતો તે કોઈ ભાષા રીત ભાત સામાજિક વિવેક સમજતી ન હોતી. ભગવાન શ્રી કૃષ્ણ સાથે તન્મયતાનું માધ્યમ કેવળ પ્રેમનું હતું.

હરતાં-ફરતાં કામ કરતા, કૃષ્ણ કૃષ્ણ કરે કામિની
પ્રીત વશ થઈ પ્રમદા, જાતા જાણે નહિ જામિની.

ગોપીઓ ઘરકામ કરે, બહાર જાય, ગમે ત્યાં હરતા-ફરતા રાધેકૃષ્ણ રાધેકૃષ્ણ જપ્યા જ કરે. બીજુ કાંઈ જાણે જ નહી. રસ્તામાં ચાલતા નાચતી જાય કન્હયૌ કન્હયૌ બોલતી જાય કોઈ એને પાગલ કહે. કોઈ તેને ગાંડી કહે. છતાં પણ ગોપીઓના મનમાં એજ હતું. જગત મને ગાંડી ગણે કે ડાહી ગણે. જેવું ગણવું હોય તેવું ગણે મારું સર્વસ્વ મારો કનૈયો છે. દરેક ગોપીઓને પરમાત્મા પ્રત્યે અતૂટ પ્રેમ હતો.

"પ્રેમી તે જનને વશ પાતળીયો."

પરમાત્મા પ્રેમી ભક્તોને આધીન છે. પ્રેમ રુપ કાચા તાતણાંથી ગોપીઓએ ભગવાન બાલકૃષ્ણ લાલને બાંધી દીધા હતા. વિશ્વમાં કોઈની તાકાત ન હતી કે ગોપીને ભગવાન શ્રીકૃષ્ણથી અલગ કરી શકે. ગોપીઓને એક ને જ ભગવાન પ્રત્યે પ્રેમ હતો એવું નથી. પરંતુ શ્રીકૃષ્ણને પણ અસહ્ય પ્રેમ ગોપીઓ પ્રત્યે હતો.એક વખત ભગવાન બાલકૃષ્ણને ભૂખ લાગી પ્રભુ દોડતા દોડતા ગોપીને ઘેર જઈ અને કહેવા લાગ્યા કે ગોપી મને ભૂખ લાગી છે. આજ મને માખણ આપીશ. સવારના પહોરમાં ગોપી માખણ વલોવતી હતી. ગોપી કહે કનૈયા, હું તને માખણ તો આપુ પણ એક શરત ! હું માખણ વલોવી લઉ ત્યાં સુધી તારે અહિંયા નાચવું પડશે. ત્યારે અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ શ્રીકૃષ્ણ કે જેના ઈશારાથી સમગ્ર ત્રિલોકી નાચે છે. જે આ જગતને નચાવનાર ભગવાન હાથમાં અને પગમાં ઝાંઝ બાંધી થનગનાટ નાચવા લાગ્યા. આના પાછળનું કારણ જો કોઈ હોય તો તે છે ગોપીઓની પ્રેમલક્ષણા ભક્તિ. નહિતર એને ઘેર ક્યાં માખણની ખોટ હતી. એમ કહેવાય છે કે નંદબાવાના ઘરે નવ લાખ ગાયોના દુજાણા હતા. છતાં પણ ગોપીઓની પ્રેમ લક્ષણા ભક્તિને આધિન થઈ ભગવાન ગોપીઓને ઘેર માખણ ખાવા જતા.

તો અંતમાં, શ્રી નરનારાયણદેવના ચરણમાં પ્રાર્થના કરીએ કે આપણામાં પણ પરમાત્મા પ્રત્યે પ્રેમ લક્ષણા ભક્તિ વધુને વધુ દૃઢ બને.

હરિમંદિરોના હરિભક્તોને સૂચના

સમસ્ત શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના હરિભક્તોને જણાવવાનું કે આપના ગામ તરફથી "ધર્મકુળ વંદના મહોત્સવ" ના ઉપલક્ષમાં જે કાંઈ ફંડ ફાળો અનાજ, રોકડ કે અન્યત્ર રૂપે થયો હોય તે અત્રે અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર જમા કરાવીને પાકી પહોંચ લઈને તેનું લીસ્ટ "ધર્મકુળ વંદના મહોત્સવ" કાર્યાલયમાં આપી જવું. જેથી આપના ગામના હરિભક્તોની પાટલાની યાદીની નોંધ અહીં મળે જેથી ઉત્સવનું કામ સરળ બને અને વ્યવસ્થાના આયોજનમાં સુગમતા રહે.

- ધર્મકુળ વંદના મહોત્સવ સમિતિ

આચાર્ય મહારાજશ્રીને લગ્નમાં હાથી ભેટ તરીકે મળતો

- પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)

આ સંસારને સ્વપ્ન તુલ્ય માનવામાં આવે છે. સામાન્ય રીતે કોઈ પણ વ્યક્તિને સ્વપ્નો આવ્યા વિના રહેતા નથી. સંશોધકો અનેક પરિક્ષણ બાદ સ્વપ્ન શાસ્ત્રની રચના કરી શક્યા છે. જેમાં વ્યક્તિને જ્યારે સ્વપ્ન આવેલું હોય તેનો સમય, સ્વપ્નની વિગતો, સ્વપ્નમાં બનેલી હકીકતો, સ્વપ્નમાં અનુભવેલા દર્શનો આદિ પરથી ક્યું સ્વપ્ન શુભ છે અને ક્યું અશુભ છે. સ્વપ્નનું ફળ શું છે તે બધુંજ આવેલા સ્વપ્નનું પૃથ્થકરણ કરીને જણાવે છે.

મહાપુરુષોના સ્વપ્નમાં દર્શન ભાગ્યશાળીને થાય છે. ભગવાનની મૂર્તિના દર્શન કે સંતોના દર્શન પણ શુકનિયાળ માનવામાં આવે છે. એમ કહેવાય છે કે અનેક નવી શોધખોળ કરનારા વિદ્વાનોને કેટલીક શોધ તેમને સ્વપ્નમાં સાંપડી છે. કેટલાક સ્વપ્નો ભવિષ્યમાં બનનારી ઘટનાની આગાહી રૂપ પણ હોય છે. કોઈક પૂર્વ જન્મના રૂણાનું બંધનને કારણે પણ કોઈ વ્યક્તિના સ્વપ્ન આવી શકે છે. કોઈ પ્રત્યે અતિશય સ્નેહભાવ કે આદર હોય તો પણ સ્વપ્નમાં તેમના દર્શન થાય છે.

મને અવાર નવાર પૂ. મોટા મહારાજશ્રીના, પૂ. આચાર્ય મહારાજશ્રીના દર્શન સ્વપ્નમાં થાય અને કંઈક યાદ રહી જાય તો તે હું અવશ્ય લખી રાખું છું. સપ્ટે. ૨૦૦૮ માં મને પરોઢિયે સ્વપ્નું આવ્યું. પૂ. મોટા મહારાજશ્રી બિરાજમાન હતા. તેઓશ્રીને દંડવત્ કર્યા એટલે તેઓશ્રીએ મને પોતાની સમીપે બેસવા જણાવ્યું. મેં મહારાજશ્રીને બે કર જોડીને કહ્યું કે, "મહારાજશ્રી ! આપ હાથી પર બિરાજમાન થયા છો ? પૂ. મહારાજશ્રીએ પ્રત્યુત્તર પાઠવ્યો તે મને યાદ ન રહ્યો. મારી આંખ ખુલી ગઈ. મનમાં આ પ્રશ્ન ધૂમ્યા કરે છે. છેવટે થોડી હિંમત કરી પૂ. મોટા મહારાજશ્રીને આ પ્રશ્ન પૂછી જોવો તેવું નક્કી કર્યું. મનમાં એમ થયા કરે કે આવો પ્રશ્ન કેમ પૂછવો, ક્યારે પૂછવો આવા પ્રશ્નો માટે મહારાજશ્રી ક્યાં સમય ફાળવે. અત્યારે તો ભગવાનના મ્યુઝિયમ નિર્માણના કાર્યમાં મહારાજશ્રી ગળાડૂબ કાર્યરત છે. એમને આપ હાથી પર ક્યારેય વિરાજમાન થયા છો ? એવું કેમ પૂછાય ?

તેમ છતાં પૂજ્ય મોટા મહારાજશ્રીની વિનમ્રતા, નિખાલસતા, સત્સંગીઓ, સંતો, હરિભક્તો પ્રત્યેનો તેઓશ્રીનો અંતરનો પ્રેમ આ બધા ગુણોથી પ્રેરાઈને તા. ૯-૯-૨૦૦૮ ને મંગળવારે સવારે ૯-૩૦ કલાકે મેં તેઓશ્રીને મોબાઈલ કર્યો. મોબાઈલ તો એંગેજ આવ્યો. મને અંતરાત્મામાં એમ થયું કે પૂ. મહારાજશ્રી મીસ કોલ વાંચી જરૂર મોબાઈલ કરશે અને મારી ધારણા સાચી પડી. તેમણે બરાબર ૧૦-૧૫ કલાકે મને મોબાઈલ કર્યો. મેં મોબાઈલ પર પ્રથમ તો તેઓશ્રીનો મોબાઈલ કરવા બદલ આભાર માની સ્વપ્નની બધી વિગતો જણાવી.

મારા અતિ સુખદ આશ્ચર્ય વચ્ચે પૂજ્ય મોટા મહારાજશ્રીએ હસતાં હસતાં પ્રત્યુત્તર પાઠવ્યો કે, "અમે તો ઘણીવાર હાથી પર સવારી કરી છે. અમદાવાદમાં આપણાં જૂના નિવાસ સ્થાન સામેના વિસ્તારમાં હાથીખાનું હતું. પૂ. બાપૂજીને લગ્નમાં હાથી ભેટ તરીકે મળેલો. હાથી માટે મહાવતો પણ હતા. અમારો હાથી તો સુંદર હતો. માઉથ ઓરગન સૂંઢથી વગાડતો. સૂંઢથી સલામ કરતો. ખાસ તો જલઝીલણી એકાદશીની શોભાયાત્રા નીકળતી ત્યારે હાથી પર અંબાડી રાખવામાં આવતી. જલ ઝીલણીના વરઘોડા પ્રસંગે આપણા આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી હાથીની અંબાડી પર બિરાજમાન હોય અને પ્રસંગોચિત્ત સ્વયં સ્ફૂરણા થી કીર્તનના પદો રચતા જાય અને સૌને દર્શન આપતા જાય. જે કીર્તનના અદ્‌ભુત અલૌકિક પદોની "અવધ કીર્તનાવલી" ધર્મકુળ વંદના મહોત્સવ પ્રસંગે આપણા

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરથી પ્રકાશિત કરવામાં આવી છે. હાથી બેઠેલો હોય ત્યારે સીડી દ્વારા ચઢીને અંબાડીમાં બેસવાનું. પાછળ એક પાર્ષદ બેઠેલા હોય અને ઓછામાં ઓછા પાંચ છ કિ.મી. સુધી આ શોભાયાત્રા અમદાવાદના મુખ્ય વિસ્તારોમાંથી પસાર થઈ મંદિરે પરત આવે તેમાં આગળ ઠાકોરજીની ચાંદીની પાલખી બેન્ડ પાર્ટી, શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ, ભાઈઓ બહેનોની ભજન મંડળીઓ, રાસમંડળીઓ અને સંતો ભક્તો સામેલ રહેતા.''

પૂજ્ય મોટા મહારાજશ્રીની વિનમ્રતાથી હું ભાવ વિભોર બની ગયો. પૂજ્ય મહારાજશ્રી કહે આજે પણ અમારી પાસે બે અંબાડીઓછે. જે અમે મ્યુઝિયમમાં રાખવાના છીએ. હાથીના તથા શોભાયાત્રાના ફોટાઓ પણ અમારી પાસે છે.'' મેં તો તેઓશ્રીને ઘોડે સ્વારી વિષે તથા સ્વીમીંગ વિષે પૂછ્યું. ત્યારે પૂ. મહારાજશ્રી કહે મૂળી મંદિરમાં માણકી ઘોડીનો છેલ્લો વંશજ હતો. અમે ઘોડેસ્વારી પણ ખૂબજ કરી છે. સ્વીમીંગ અમારા દાદાજી સારૂં જાણતા તેમનો એ ફોટો પણ અમારી પાસે છે. આચાર્ય મહારાજશ્રી સ્વીમીંગ જાણે છે. પણ હું નથી જાણતો. પૂજ્ય મોટા મહારાજશ્રીએ લગભગ પાંત્રીસ, ચાળીસ વર્ષ પહેલાની વાતો મોબાઈલ પર કરી ત્યારે મેં ધન્યતા અનુભવી. મારા સ્વપ્રની આ હકીકત માત્ર આપણને મળ્યા એવા ભગવાનના અપર સ્વરૂપ પૂ. મોટા મહારાજશ્રીનો આપણા સૌ પ્રત્યેનો આદર દર્શાવે છે. સંપ્રદાયની આવી મૂલ્યવાન વિગતો આપણને નવીન પ્રેરણા બક્ષે છે.

તેજસ્વી વિદ્યાર્થીઓનું પ.પૂ. લાલજી મહારાજશ્રીના હસ્તે સન્માન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ચાલુ સાલે માર્ચ ૨૦૦૯ માં લેવાયેલ ધો.-૧૦ અને ધો.-૧૨ ની બોર્ડની પરીક્ષામાં ૮૦% થી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૧૨ માં પ્રાગટ્યોત્સવ અષાઢ વદ-૧૦ તા. **૧૭-૭-૨૦૦૯ ના શુક્રવારે સવારે ૯-૦૦ કલાકે** શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે કરવામાં આવશે.

ધો.-૧૦ અને ધો.-૧૨ (સાયન્સ) અને ધો.-૧૨ (સામાન્ય)ના પ્રથમ પાંચ નંબર વાળાને ઈનામ તથા ૮૦% થી વધુ મેળવનારને પ્રોત્સાહન ઈનામ પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ હસ્તે આપવામાં આવશે. તેજ રીતે ઉપર મુજબ ગુણ મેળવનાર બહેનો વિદ્યાર્થીનીઓને આજ શુભ દિને પ.પૂ. ગાદીવાળાશ્રીની હવેલીમાં પ.પૂ. શ્રીરાજાના શુભ હસ્તે ઈનામ આપવામાં આવશે. તો જે વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ ૮૦% ટકાથી વધુ ગુણ મેળવ્યા હોય તેમણે માર્કશીટની પ્રમાણિત નકલની પાછળ પોતાનું નામ, સરનામું અને ફોન નંબર લખીને શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર **તા. ૩૦-૬-૨૦૦૯ સુધીમાં ધર્મકુળ વંદના કાર્યાલય** (સભા મંડપ)માં આપી જવી. ત્યારબાદ માર્કશીટ સ્વીકારવામાં નહીં આવે.

નોંધ : બહેનોએ હવેલીમાં પોતાની માર્કશીટ અને માર્કશીટની પાછળ પોતાનું નામ, સરનામું, ફોન નંબર લખીને તા. ૩૦-૬-૨૦૦૯ સુધીમાં આપી જવી. ત્યારબાદ કોઈની પણ માર્કશીટ સ્વીકારવામાં નહી આવે.

(કોઠારી દિગંબર ભગત)

શ્રી સ્વામિનારાયણ માસિકનો જૂન-જુલાઇ ૨૦૦૯ સંયુક્ત અંક પ્રકાશિત થશે

શ્રી સ્વામિનારાયણ અંકના દરેક સભ્યોને જાણ થાય જે, આગામી ''શ્રી સ્વામિનારાયણ માસિક''નો જૂન-જુલાઈ ૨૦૦૯ નો અંક ''ધર્મકુળ વંદના મહોત્સવ'' વિશેષાંક રૂપે પ્રગટ થશે.

''શ્રી સ્વામિનારાયણ માસિકના દેશ વિદેશના તમામ સભ્યો-વાચકોને જણાવવાનું જે, આપણા આદિ આચાર્ય પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની જન્મ દ્વિશતાબ્દી ધર્મકુળ વંદના મહોત્સવ આગામી ૧ થી ૩ જુન ૨૦૦૯ દરમ્યાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી એમ સમસ્ત ધર્મકુળની શુભ નિશ્રામાં ધામધૂમથી ઉજવાશે. આ ઉત્સવની રસભર રૂપરેખા રંગીન ચિત્રો સહિત મનનીય અને અલૌકિક ધર્મકુળવંદના મહોત્સવ વિશેષાંક જૂન-જુલાઈ ૨૦૦૯ સંયુક્ત અંક જૂન-૨૦૦૯ ની આખર તારીખે પ્રકાશિત થશે. જેથી જુલાઈનો અંક પ્રકાશિત થશે નહિ. તેની સૌ સભ્યોએ નોંધ લેવી.''

-તંત્રીશ્રી

સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)



આધ્યાત્મિક સંગીત

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

આ જીંદગી એક વાજીંત્ર જેવી છે. વાજીંત્ર જો વગાડતાં આવડે તો સંગીત પ્રગટે છે. અને વગાડતાં ન આવડે તો ઘોંઘાટ. માનવજીવન જો જીવતાં આવડે તો તેમાં સંગીત પ્રગટે છે. અને જો જીવતાં ન આવડે તો એ જીંદગી ઘોંઘાટ. શ્રીરામનાં માતા કૈકેયી જેણે જીંદગીમાં ઘોંઘાટ કર્યો. સંગીત પેદા કરતાં ન આવડ્યું. અને જંગલમાં રહેનારી આદીવાસી શબરી જે ભણી નહોતી છતાં પણ એણે જીંદગીમાં સંગીત પ્રગટાવ્યું. એને રાજનીતિ આવડતી નહોતી છતાં શ્રીરામ તેને ત્યાં જઈને ઉભા રહ્યા.

શ્રીકૃષ્ણ ભગવાન વખતે પણ પતિવ્રતા સતી ગણાતાં ગાંધારીને સંગીત પ્રગટાવતાં ન આવડ્યું. અને એક ખૂણામાં રહેતા વિદુરપત્ની એણે જીંદગીમાં સંગીત પ્રગટાવ્યું. એની બનાવેલી મોળી ભાજી દ્વારિકાધિશે ભાવથી સ્વીકારી.

"દૂર્યોધનના મેવા ત્યાગી, વિદુર ઘેર જઈ ભાજી માગી."

સ્વામિનારાયણ ભગવાન વખતે સંગીત ભક્તિ સંગીત હૈયામાં પ્રગટાવનારાં વિજાપુરનાં વજીબા, મહેસાણાનાં કુશળબા તેમજ સોનબા, ડાંગરવાનાં જતનબા વગેરે કેટલાય બહેનો હતા. જીંદગીમાં એવું સંગીત પ્રગટાવો કે ભગવાન આવીને ઉભા રહે. આગ્રહ કરીને તમારી પાસે માગે કે લાવો ભૂખ લાગી છે. ઠાકોરજી ભૂખ્યા નથી હોતા પણ ભક્તનો ભાવ જોઈને ભગવાનની ભૂખ ઉઘડે છે. જ્યાં ભાવ ન હોય ત્યાં ભગવાન ભૂખ્યા થતા જ નથી. માટે એવું સંગીત પ્રગટાવવું જોઈએ કે ભગવાન આપણે ત્યાં આવીને ઉભા રહે.

આપણા ઉત્તર ગુજરાતમાં વહેલાલ ગામ છે. ત્યાં જેસીંગભાઈ પટેલ મહારાજના અનન્ય આશ્રિત. એકવાર મહા પ્રભુ જેસીંગભાઈ પટેલના માઢ ઉપર બિરાજેલા. સ્વામિનારાયણ ભગવાન કહે છે, "માંગો, કાંઈ માંગો. કાંઈ વરદાન માંગો." ભક્ત શું માંગે ભગવાન પાસેથી !! બહુ વિચારવા જેવું છે. ભગવાન પાસેથી ભક્ત શું માંગે ? વિચારીને તો રાખવું. કદાચ ઠાકોરજી ઓચિંતા આવીને કહે તો શું માંગવાનું ? ઉપલો માળ બાંધવો છે, મોંઘવારી બહુ વધી ગઈ છે, મહારાજ ! ડોકટરની દવા કરી કરીને મરી ગયો, તોય કેડ મટતી જ નથી..... એવું માંગવાનું ? તો શું માંગવાનું ? ભગવાન ભક્ત પર રાજી થાય તે ભક્તના જીવન કેવા હોય !?! સંગીત પ્રગટેલાં હૈયાં હોય. વહેલાલના જેસીંગભાઈ કહે છે કે,

"મહારાજ ! જે માઢ ઉપર આપ બિરાજો છો એ માઢની નીચેથી જે કોઈ પસાર થાય એનું કલ્યાણ કરજો. જે મકાન ઉપર આપ બિરાજો છો, નીચે રસ્તો છે, એ રસ્તા ઉપરથી જે નીકળે એનું કલ્યાણ થાય એવું વરદાન આપો." ધન્ય છે એ ભક્તને. સ્વામિનારાયણ ભગવાન એ ભક્તની ભાવના જોઈને "તથાસ્તુ" કહે છે. "રઘુનાથ સ્મરન્ મામ્ ....." "હે ભક્તરાજ ! અમારું સ્મરણ કરતાં કરતાં જે કોઈ આ માઢ નીચેથી પસાર થશે તેનું અમે કલ્યાણ કરીશું."

આતો ખૂબ સરસ વાત છે. અજમાવાવા જેવી છે. નુકશાન કાંઈ નથી ફાયદો પૂરેપૂરો. તો હવે જ્યારે વહેલાલ જાઓ ત્યારે ધૂન્ય કરતા કરતાં એ માઢ

નીચેથી નીકળજો. આપણું રિઝર્વેશન પાકું અક્ષરધામ માટે ! એમાં કોઈ શંકા જ નહીં. એ સ્વામિનારાયણ ભગવાનનું વરદાન છે. આનું નામ દિવ્ય સંગીત પ્રગટાવતાં આવડ્યું કહેવાય. જુઓ તો ખરા ! માઢ નીચેથી સ્વામિનારાયણ ..... સ્વામિનારાયણ ..... નામ સ્મરણ કરતાં નીકળે તેનો મોક્ષ થાય.

મિત્રો ! આવું આધ્યાત્મિક સંગીત સાધના વગર પ્રગટી શકતું નથી. સામાન્ય એવા નાના વાજીંત્રમાંથી પણ જો સંગીત પ્રગટાવવું હોય તો તન્મય બનીને સાધના કરવી પડે. જ્યારે આતો જન્મ જન્મને મીટાવી દેનારૂં, સુખ, કલ્યાણ, મોક્ષને આપનારૂં અણમોલ સંગીત પ્રગટાવવું હોય તો પરમાત્માની ભક્તિ-ઉપાસના એવા-સત્સંગ, સંપ-સદ્‌ભાવના રૂપી સાધના જીવનભર ચાલું રાખવી પડે. તો એમાંથી એવું આધ્યાત્મિક સંગીત પ્રગટે કે ભગવાન હાજરા હજુર આવીને ઉભા રહે.

●

પાપી કોણ ? પુણ્યશાળી કોણ ?

– સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

પાપી કોણ ? પુણ્યશાળી કોણ ? જગતના જીવને શું ખબર પડે ? અને એમાં પાછુ ઉદ્ધત માણસો તો વગર વિચારે દ્રોહ કરતા પાછી પાની જ ન કરે.

એક સમયે ભયંકર આંધી ફૂંકાવા લાગી. આકાશમાં વીજળીઓ ઝબકવા લાગી. હૃદય ચીરાઈ જાય તેવા વીજળીના કડાકાને ભડાકા થવા લાગ્યા. દશ વટેમાર્ગુ આ આફતમાં ફસાયા. દોડતા દોડતા જંગલ વટાવી ગામ તરફ પહોંચી ગયા. શું કરશું ? શું થશે ? ક્યાં ઉતારો શોધવો ? રાત્રી ક્યાં પસાર કરવી ? આમ વિચારતા ચિંતાતુર યાત્રિકોને તપાસ કરતા કરતા એક ઓરડી તો મળી ગઈ. આ બાજુ વાવાઝોડું ભયંકર ચાલુ હતું. વીજળીના કડાકા જાણે કે મકાન ઉપર હમણાં પડશે તેવા ભયાનક અવાજ ચાલું હતા. તેમાં એક જણને વિચાર ઉપજ્યો કે આપણામાં ચોક્કસ કોઈક પાપી છે. માટે જ વીજળીના કડાકા આ મકાન ઉપર જ માથે જ થાય છે. અને જો વીજળી મકાન ઉપર પડશે તો કોઈ એકના પાપે આપણે બધા જ એની નીચે દબાઈ મરશું. માટે જે પાપી હોય તેને મકાનમાંથી બહાર કાઢો તો બાકીના બચી જઈએ. અને કોણ પાપી એ નક્કી કરવા બધા તૈયાર થયા. આ સામે વૃક્ષ દેખાય છે. તેને પ્રત્યેક જણ વારા ફરતી અડવા જાય.

જે માણસ પાપી હશે તેની ઉપર જ વીજળી પડશે. બાકી બધા જ બચી જશે. બધા સમંત થયા. હવે બહાર જતા બધાને બીક લાગવા માંડી કોણ જાય પહેલો બહાર ? ત્યાં તો જેણે વાત કરી હતી કે કોઈક પાપી છે તેને જ બધાએ આગ્રહ કરી પહેલા બહાર જવાનું કહ્યું, "આ માણસ ગભરાતો ગભરાતો મકાનમાંથી બહાર નીકળી, સામે રહેલા વૃક્ષને દોડતા દોડતા અડી તરત પાછો આવતો રહે છે. હવે બીજાનો વારો આવ્યો, ત્રીજાનો વારો આવ્યો, ચોથાનો વારો આવ્યો, હવે છેલ્લા નંબરમાં જે માણસ હતો તેને એમ થયું કે હું જ પાપી છું. કોઈના પર વીજળી ન પડી તો હવે મારા ઉપર તો પડશે જ ! બધા સાથીદારોની આગળ હાથ જોડી કરગરવા લાગ્યો કે હું પાપી છું મને મહેરબાની કરી બહાર ન ધકેલશો. હું મરી જઈશ. ત્યારે બધા કહે છે હે પાપી તું અંદર રહીશ તો અમારે બધાએ તારા કારણે મરવું પડશે. આ માણસ રડવા લાગ્યો. બધા તેને ધક્કા મારવા લાગ્યા. તેની એક પણ વાત સાંભળ્યા વગર હાથ-પગ પકડી મકાનની બહાર ધક્કો માર્યો ? પરાણે બહાર કાઢ્યો આ માણસ જેવો મકાનમાંથી બહાર નીકળ્યો કે તરત જ એક ભયંકર વીજળીનો કડાકો થયો ! આ મકાન ઉપર વીજળી પડી મકાન તુટ્યું અને તેમાં રહેલા નવ જણ એક ઝાટકે મોતના મોંમા હોમાઈ ગયા.

પોતાની જાતને જે પુણ્યશાળી ગણતા હતા અને આ છેલ્લા માણસને પાપી સમજતા હતા. પણ કોણ પાપીને કોણ પુણ્યશાળી છે તેનો ન્યાય કરનાર ભગવાન જ છે. વચનામૃત શાસ્ત્રમાં શ્રીજી મહારાજે સ્વમુખે કહ્યું છે કે જગતના જીવ જેને પાપી માને છે તે પાપી નથી અને જગતના જીવ જેને પુણ્યશાળી માને છે તે પુણ્યશાળી નથી.

માટે કોણ કેવો છે. એ ઉપાધિમાં પડ્યા વગર પોતે પોતાના જીવનને સુધારી લેવું. ભક્તિ, ભજન, સત્સંગ, સંતસમાગમ કરી કૃતાર્થ કરી લેવું.

ભક્તિ સુધા

એકાદશી સત્સંગ-સભા પ્રસંગે
પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી

- કોટક વર્ષા નટવરલાલ (ઘોડાસર)

આપણે જાણીએ છીએ કે આ શરીર નાશવંત છે. અને આપણે પોતાના આત્માને દેહથી અલગ રાખી એટલે કે આત્મનિષ્ઠા જાળવી આત્મસ્વરૂપે વર્તવુ જોઈએ. પરંતુ આપણે જ્યારે દુઃખી થઈએ છીએ ત્યારે તે રીતે વર્તી શકતા નથી. તેનું કારણ શું છે ? તો તેનું કારણ એ દરેક મનુષ્યમાં રહેલી તેની પ્રકૃતિ છે. તો પ્રકૃતિ એ શું છે. તેને આપણે સમજીએ તો પ્રકૃતિ મનુષ્ય શરીરમાં ત્રણ પ્રકારે રહેલી છે. (૧) સત્ત્વગુણ (૨) રજોગુણ (૩) તમો ગુણ તો તમોગુણને આપણે પહેલા લઈએ તો તમોગુણના મુખ્ય ત્રણ લક્ષણ છે. આળસ, ઉંઘ, પ્રમાદ. આપણે આળસને લઈએ તો આપણને આ મનુષ્ય શરીર મળેલું છે. તો આ શરીરનો પુરેપુરો ઉપયોગ કરવો જોઈએ. જેમ કે વરસાદનું પાણી આપણે નદી કે સરોવરમાં સંગ્રહ કરીએ તો આપણે તેનો વ્યવસ્થિત ઉપયોગ કરી શકીએ છીએ નહીં તો તે વેડફાઈ જાય છે. તેમ આપણને આ મનુષ્ય શરીર મળ્યું છે તો તેનો આપણે યોગ્ય ઉપયોગ નહીં કરીએ અને આળસમાં સમય વિતાવી દઈશું તો આ સમય અને મનુષ્ય શરીર વેડફાઈ જશે. જે આપણને વારંવાર પ્રાપ્ત થતું નથી. તો દરેક મનુષ્યે પોતાના સ્વધર્મ પ્રમાણે આળસ છોડી કર્મ કરવું જોઈએ. અને હવે બીજી વાત આવે છે. ઉંઘની તો ઉંઘ કેવી હોવી જોઈએ ? તો ઉંઘ ગહન એટલે કે ઉંડી હોવી જોઈએ. તમે આળસ છોડીને કામ બરાબર કરતા હશો તો તમને ઉંઘ પણ સરસ આવી જશે. દા.ત. સંતો જેમ પ્રભુ ભક્તિમાં વધારે સમય ગાળી શરીરને થકવી દેતા હોય છે. અને પછી યોગનિંદ્રા લેતા હોય છે. અને બીજું કે આપણા ઘરમાં અમુક વડીલો પથારીવશ હોય છે. તો તેમને ઉંઘ બરાબર આવતી નથી. તેનું મુખ્ય કારણ એ છે કે, તેમનું શરીર થાકેલું નથી હોતું અને એવું જરૂરી નથી કે માણસની ઉંઘ લાંબી હોવી જોઈએ. પરંતુ સ્વપ્ન વગરની ગહન નિંદ્રા આવી જાય તો બે ત્રણ કલાકમાં પણ માણસની ઉંઘ પુરી થઈ જાય છે. ઉંઘ અને આળસ છોડશો એટલે પ્રમાદ આપ મેળે નીકળી જશે.

(૨) રજો ગુણ :- રજો ગુણ એટલે માણસને વધુને વધુ મેળવવાની મોજશોખની અથવા કોઈપણ પદાર્થની આસક્તિ હોય તેને રજોગુણ કહેવામાં આવે છે. રજોગુણની નિવૃત્તિ માટે માણસે પોતપોતાના આશ્રમ ધર્મમાં રહી પોતાના સ્વધર્મ પ્રમાણે કર્મ કરવું જોઈએ. અને જે કાંઈ પ્રાપ્ત થાય તેમાં સંતોષ માનવો જોઈએ. હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે સ્વધર્મ એટલે શું ? તો પોતાનો સ્વધર્મ શું છે. તે આપોઆપ મળી જાય છે. જેમ કોઈ બાળકને જન્મતાની સાથે મા-બાપ મળી જાય છે. તેમ દરેક વ્યક્તિને પોતાનો સ્વધર્મ આપોઆપ મળી જાય છે.

(૩) સત્વગુણ : સત્વગુણ છે તે સારો ગુણ છે. પરંતુ સત્વગુણનો પણ કોઈ કાર્ય કર્યા પછી અહંકાર ન હોવો જોઈએ. તો સત્વગુણના અહંકારને ટાળવા માટે સત્વગુણને આપણે જીવનમાં સહજ બનાવવો જોઈએ. જેમ કે આપણે દરરોજ શ્વાસોચ્છવાસની ક્રિયા કર્યા પછી સહજ રીતે ભૂલી જઈએ છીએ તેમ સત્કાર્યોને આપણે સહજ બનાવી દઈશું એટલે કે રોજેરોજ અથવા વારંવાર કરતા રહીશું તો સહજ બની જશે અને આપણને તેનો અહંકાર નહીં આવે.

એકાદશીની સત્સંગ સભામાં સાંખ્યયોગી બહેનો સત્સંગી બહેનોને વચનામૃતની સમજ ખૂબજ સરસ આપે છે. તેમાંથી સર્વે સત્સંગી બહેનોને ખૂબજ આનંદ-ઉત્સાહ અને પ્રેરણા બળ મળે છે. તેમજ સત્સંગની સાચી સમજ મળે છે. તેમજ ભગવાનનો વધુને વધુ સર્વોપરિ મહિમા સમજાય છે.

અંતમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી દરેક સભામાં અચૂક પધારીને આશીર્વચન આપે છે. ત્યારે ખરેખર અંતરમાં અહો-અહો પણું થઈ આવે છે. અને લાગે છે કે શ્રીજી મહારાજ આ ધર્મકુળ દ્વારા આપણને કેટલો દિવ્ય - આનંદ આપી રહ્યા છે. અને આપણને કેટલા દિવ્ય-સત્સંગની પ્રાપ્તિ થઈ છે. અને ખરેખર આપણા મૂળ-સંપ્રદાય સિવાય સત્સંગનું આવુ દિવ્ય - સુખ બીજે ક્યાંય નથી તેની પ્રત્યક્ષ અનુભૂતિ થાય છે. અને લાગે છે કે શ્રીજી મહારાજે આપણને ખરેખર આપવાનું કશું બાકી રાખ્યું નથી. જે કાંઈ ખામી છે તે માત્ર આપણામાં જ છે. આપણે આપણામાં રહેલા દોષોને ટાળવાની ખૂબ જ જરૂર છે. તો શ્રીજી મહારાજ મારામાં રહેલા આવા દોષો

ટાળવાની મને શક્તિ આપે તેમજ તેમની ભક્તિ કરવાનું દિવ્ય-બળ આપે તેવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના છે.

●

સાબરગંગા માહાત્મ્ય

- સાંખ્યયોગી કોકિલાબા તથા ઉષાબા
(સુરેન્દ્રનગર)

ગંગાજીમાં સ્નાન કરવાથી પાપનો નાશ થાય છે. ને પવિત્ર થવાય છે. કેમ કે એક વખત બદરીપતિ નરનારાયણદેવ ગંગામાં સ્નાન કરવા ગયા હતા. સ્નાન કરીને પાછા આવતા હતા ત્યારે રસ્તામાં સ્ત્રી વેષમાં મંદ મંદ હસતા ગંગાજીને જોયા. ત્યારે નરનારાયણદેવે પૂછ્યું તમે કોણ છો ? અને આટલા બધા ઉત્સાહી કેમ છો ? ત્યારે ગંગાજી કહે છે કે વામન ભગવાનના ચરણ સ્પર્શથી પવિત્ર થયેલી તેમજ આપના સ્નાનાદિકથી પવિત્ર થયેલી સર્વતીર્થોમાં શ્રેષ્ઠ મંદાકીની છું. ગંગાજીનું વચન સાંભળીને ભગવાને કહ્યું કે હે ગંગા, વામનજીના ચરણ સ્પર્શથી તથા અમારા યોગથી આપે આંવો ગર્વ ન કરવો જોઈએ. સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ પુરૂષોત્તમ નારાયણનો તો હજી યોગ નથી થયો ત્યાં સુધી બધુંય વ્યર્થ છે. તે સાંભળીને ગંગાજીએ સર્વોપરિની પ્રાપ્તિનો ઉપાય પૂછ્યો. ત્યારે નારાયણે ઉગ્ર તપ કરવાનું કહ્યું. પછી તે મંદાકીની ગંગાજી વંકાયન મુનિને ત્યાં પુત્રીરૂપે પ્રગટ થયા. અને તપશ્ચર્યા કરી તેથી શ્રીહરિએ પ્રગટ થઈને વર માગવાનું કહ્યું. એટલે ગંગાજીએ નિત્ય ભગવાનનો સમાગમ માગ્યો. ભગવાને તથાસ્તુ કહ્યું. અને ગંગાજીને ગઢપુરથી દક્ષિણ તરફ નદી સ્વરૂપ ધારણ કરી આગળ ચાલવાનું કહ્યું. અને માંડવ્યમુનિ, નિલકંઠ બ્રાહ્મણનો ઉદ્ધાર કરવાનું કહ્યું. અને ભગવાન અદૃશ્ય થઈ ગયા. પછી ગંગાજી પ્રવાહરૂપે બન્યા. અને મહારાજે કહ્યા મુજબ સર્વનો ઉદ્ધાર કર્યો અને નદી સ્વરૂપે વહી રહ્યા છે. પુરુષોત્તમ નારાયણ મુક્તો સહિત ક્યારે પધારી મને પાવન કરશે એવી પ્રતિક્ષામાં દિવસો વિતાવે છે. એવામાં સમય આવતા શ્રીહરિ ગઢપુરમાં પધાર્યા. અક્ષરાધિપતિ પુરૂષોત્તમ નારાયણ મુક્ત મંડળ સહિત સ્નાન કરીને આપેલ વરદાનને સફળ કર્યું. આમ ભગવાનના યોગથી ગંગા આટલી પાવનકારી બની. આમ ગંગાજીનું મહાત્મ્ય કહીએ એટલું ઓછું છે. ઉન્મત ગંગા કરતા પણ સાબરગંગામાં સામર્થ્ય વિશેષ છે. એક સમયમાં ઉન્મતગંગા સોનાના સિંહાસન ઉપર બિરાજે છે. તે વખતે પૃથ્વી ઉપર સર્વ તીર્થો, નદીઓ મૂર્તિમાન નદીના કિનારે પધારે છે. ત્યારે ઉન્મતગંગા ઉભા ન થયા. તેમજ સન્માન પણ ન કર્યું. પણ સાબરગંગા આવ્યા ત્યારે ઉન્મતગંગાજી એમને ભેટ્યા અને બાવડું ઝાલીને પોતાના સિંહાસનમાં બાજુમાં બેસાડ્યા. આ જોઈને કાશીના તેમજ હરિદ્વાર વગેરેના ગંગાજી એકબીજા સામું જોઈને પરસ્પર કહે છે કે જુઓ તો આપણે કેટલે દૂરથી આવ્યા ! તો પણ ઉન્મતગંગાએ આપણી સામે ન જોયું. અને આ સાબરગંગા નજીકથી આવ્યા તો પણ એમનું સન્માન કર્યું. માન આપ્યું. આ વાતને સાંભળીને ઉન્મત ગંગાએ અંગૂઠો બતાવ્યો ને કહ્યું કે તમારી મોટાઈ વડે અમારી મોટપ નથી. તમારામાં તો વામન ભગવાને એક અંગૂઠો બોળ્યો તો પણ પાપ બળવા સમર્થ થયા. જ્યારે મારામાં પુરૂષોત્તમ નારાયણે મુક્તો સહિત ૨૬ વર્ષ સ્નાન કર્યું છે. ને મેં આ સાબર ગંગાને માન આપ્યું એનું કારણ એ છે કે મહારાજ ૪૯૬ વખત વડતાલ પધાર્યા છે તો જતાને વળતા એમાં સ્નાન કરતા જેથી ૯૯૨ વખત સાબર ગંગામાં પુરુષોત્તમ નારાયણ સ્નાન કરીને યોગ થયેલ છે. માટે અમે એને માન આપ્યું છે. આ સાંભળી સર્વ નદીઓ ચૂપચાપ થઈ ગઈ. આમ મંદાકીની ગંગા, ઉન્મત ગંગા કરતા પણ સાબરગંગાનો મહિમા અધિક છે.

●

ક્ષમાનિધિ સંતો

- સાંખ્યયોગી શિલ્પાબા તથા શિતલબા
(સુરેન્દ્રનગર)

ભગવાન શ્રી સ્વામિનારાયણે સત્સંગનો પાયો મજબૂત તેમજ અચલ રહે તે માટે સંતોને આજ્ઞા કરી હતી જે દરરોજ ૧૦ મુમુક્ષુ જીવને વ્રતમાન ધરાવવા. ત્યારે સંતોએ કહ્યું કે મહારાજ માણસ ન મળે તો ? ત્યારે મહારાજે કહ્યું કે હે સંતો, લીલા વૃક્ષને પણ વ્રતમાન ધરાવજો. તેમાં રહેલો જીવાત્મા સત્સંગીના ઘેર જન્મ લે છે ને તમારા થકી મારૂં સ્વરૂપ તેને ઓળખાશે. ને જીવાત્માનું કલ્યાણ થશે. બીજું વ્રતમાન ધરાવ્યા પછી જ સંતોએ અનાજ લેવું તે પણ લીંબુ ભાર અનાજ લેવું. ત્રીજું જ્યાં કુતરાનો પણ અવાજ ન સંભળાય ત્યાં રહેવું. ઠંડીમાં એક વસ્ત્રભર ખુલ્લા વગડામાં રહેવું. આ રીતે મહારાજે સંતોને આજ્ઞાઓ કરી હતી ને ૧૧૪ પ્રકરણ ફેરવ્યા હતા. પણ તેમાં

॥ श्री स्वामिनारायणाय नमः ॥



पूर्ण पुरुषोत्तम भगवान श्री स्वामिनारायण



आदि आचार्य श्री अयोध्याप्रसादजी महाराज

धर्मकुळ वंदना महोत्सव

॥ निमंत्रणम् ॥

अवतीर्य निजाक्षरात्परादिह मूर्त्या बदरीवने स्थितः ।
भुविभारतजीवशर्मणे नरनारायणदेव पाहिमाम् ॥

આપશ્રી આ આમંત્રણ પત્રિકા સમજી સહપરિવાર અવશ્ય પધારશો

॥ श्री स्वामिनारायणाय नमः॥

प.ब्र.श्री

अनंत कोटि ब्रह्मांडना अधिपति सर्वावतारी परब्रह्म परमात्मा पूर्ण पुरुषोत्तम भगवान श्री स्वामिनारायण स्वस्वरूपे रहीने स्वहस्ते स्थापेल बद्रीपति भगवान श्री नरनारायण देवनी असीम कृपाथी श्री स्वामिनारायण संप्रदायनी अमदावाद श्री नरनारायणदेव देश गादीना श्री स्वामिनारायण भगवानना वंशज आदि आचार्य श्री अयोध्याप्रसादजी महाराज जेओश्रीओ सतत ४२ वर्ष सुधी गादी उपर विराजमान रहीने सत्संग विकास-प्रचारना अनेकानेक कल्याणकारी कार्यो कर्या तेमज छपैया, सिध्धपुर, ईडर, जामरोली (मध्यप्रदेश), डुंगरपुर, मांडवी आदि धामोमां महामंदिरोनुं निर्माण संतो द्वारा करावी अनेक मुमुक्षु जीवात्माओने मोक्षभागी बनाव्या एवा परम पूज्य विश्व वंदनीय आदि आचार्य श्री अयोध्याप्रसादजी महाराजश्रीना प्राग्टय ने २०० वर्ष पूरा थता होई तेओश्रीनी जन्म द्विशताब्दी "धर्मकुळ वंदना महोत्सव" अति धामधूमथी भव्याति भव्य रीते उजववामां आवनार छे.।

आ महोत्सव विक्रम संवत २०६५ना जेठ सुद-९ ता.१-६-२००९ने सोमवारथी जेठ सुद-११ ता.३-६-२००९ने बुधवार दरम्यान समग्र संप्रदायना विद्वान संतो, सांख्ययोगी बहेनो, समस्त सत्संगीओ तेमज धर्मप्रेमी जनता तरफथी गुरु ऋण अदा करवा माटे पूर्ण भक्ति भावथी श्री नरनारायणदेव पीठाधिपति प.पू.ध.धु. आचार्य १००८ श्री कोशलेन्द्रप्रसादजी महाराजश्रीना अध्यक्ष स्थाने तथा प.पू. मोटा महाराजश्री तेजेन्द्रप्रसादजी महाराजश्रीना शुभ संकल्प अने भावि आचार्य प.पू.१०८ श्री ब्रजेन्द्रप्रसादजी महाराजश्रीना संपूर्ण राजीपाथी अने श्री लक्ष्मीनारायणदेव पीठाधिपति प.पू.ध.धु. आचार्य १००८ श्री राकेशप्रसादजी महाराजश्रीनी उपस्थितीमां अमदावादना आंगणे धामधूमथी उजवाशे.।

आ महोत्सव दरम्यान अनेकविध धार्मिक तथा सामाजीक कार्यक्रमोना मंगलकारी आयोजननो लाभ प्राप्त थशे.।

आ दिव्य अलौकिक महामहोत्सव प्रसंगे "धर्मकुळ" प्रत्ये पोतानी श्रध्धा-भक्ति अने प्रेमनी भावना समर्पित करी परम कृपाळु परमात्मा श्री स्वामिनारायण भगवाननो राजीपो मेळववा आ अमूल्य अवसरना साक्षीरूप बनी कृतार्थ थई पुण्य लाभ लेवा सपरिवार उपस्थित रहेवा निमंत्रण.....

स्थळ

श्री स्वामिनारायण नगर,
गणेश हाउसींग प्रा.ली.
थलतेज चोकडी अने सोला ब्रीज वच्चे,
सरजेज-गांधीनगर हाईवे,
थलतेज, अमदावाद.

लि.

महंत.शा.स्वामी हरिकृष्णदासजी तथा
श्री नरनारायणदेव स्कीम कमिटी तथा
धर्मकुळवंदना महोत्सव समिती
श्री स्वामिनारायण मंदिर, कालुपुर, अमदावाद.

श्रीमद् सत्संगिभूषण पारायण वक्ताश्रीओ

• स.गु. शास्त्री स्वामी निर्गुणदासजी (वे.व्या. आचार्य) (असारवा गुरुकुळ) • स.गु. शास्त्री स्वामी श्रीजीप्रकाशदासजी (नारायणपुरा महंत)
• स.गु. शास्त्री स्वामी पुरुषोत्तमप्रकाशदासजी (पी.पी. स्वामी) (जेतलपुरधाम) • स.गु. शास्त्री स्वामी गोलोकविहारीदासजी (कच्छ-भुज)
• स.गु. शास्त्री स्वामी नारायणवल्लभदासजी (वडतालधाम महंत)

મંગલમય કાર્યક્રમ

જેઠ સુદી-૯ ને સોમવાર તા. ૧-૬-૨૦૦૯ નો કાર્યક્રમ

સવારે : ૭-૦૦ કલાકે — **શ્રીમદ્ સત્સંગિભૂષણ પારાયણની પોથીયાત્રા**

પ.ભ. શ્રી રસીકલાલ અંબાલાલ પટેલ (મોખાસણવાળા)
મંદાર બંગ્લોઝ, અજન્ટા ઈલોરા હાઉસીંગ સામે, સુરધારા સર્કલ પાસે, ગણેશ પાર્ટી પ્લોટ સામે થલતેજ, અમદાવાદ-૫૪ ના ઘરેથી નીકળી શ્રી સ્વામિનારાયણ નગર વાજતે ગાજતે પહોંચશે.

સવારે : ૭-૩૦ કલાકે — **શ્રી અયોધ્યાપ્રસાદજી મુખ્ય પ્રવેશદ્વારનું ઉદ્ઘાટન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે થશે.

સવારે : ૭-૪૫ કલાકે — **શ્રી સ્વામિનારાયણ મહામંત્ર અખંડ ધૂનનો શુભ પ્રારંભ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે થશે.

સવારે : ૮-૦૦ કલાકે — **શ્રી સ્વામિનારાયણ નગરમાં શ્રી નરનારાયણદેવના મંદિરની પૂજા, આરતી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે થશે.

સવારે : ૮-૩૦ કલાકે — **શ્રી ધર્મકુળવંદના મહોત્સવનું દીપ પ્રાગટ્ય**

પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે થશે.

સવારે : ૮-૪૫ કલાકે — **શ્રીમદ્ સત્સંગિભૂષણ પારાયણ પ્રારંભ તથા વચનામૃત સંહિતાપાઠની પૂજન-આરતી**

સવારે ૮-૩૦ કલાકે પ.પૂ. ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થશે.

સવારે : ૯-૧૫ કલાકે — **શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના જીવન આધારીત ચિત્રોના પ્રદર્શનનું ઉદ્ઘાટન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થશે.

સવારે : ૯-૩૦ કલાકે — **શ્રીહરિયાગનો શુભ પ્રારંભ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે થશે.

સવારે : ૧૧-૩૦ કલાકે — **શ્રી ઘનશ્યામજન્મોત્સવ.**

સાંજે : ૬-૩૦ કલાકે — **૨૦૦ વચનામૃત સંહિતા પાઠના તથા શ્રીહરિ મહાયજ્ઞના યજમાનોનું સન્માન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે થશે.

સાંજે : ૬-૪૫ કલાકે — **પુસ્તક તથા ઓડિયો સીડીનું વિમોચન**

આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના જીવન ચરિત્ર પુસ્તક તથા અવધ કીર્તનાવલી પુસ્તક તથા અવધ કીર્તન વંદનની ૩ ઓડિયો સીડીનું વિમોચન તેમજ પુસ્તક તથા ઓડિયો સીડીના સૌજન્ય દાતાશ્રીઓનું સન્માન પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થશે.

રાત્રે ૯-૦૦ કલાકે — **ભજન સંધ્યા (રાત્રે ૯-૦૦ થી ૧૨-૦૦)**

ગુજરાતના સુપ્રસિદ્ધ ભજનીક શ્રી નીરજંન પંડ્યા તથા
શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના કીર્તનના ગાયક શ્રી હસમુખ પાટડીયા તથા શ્રી જયેશ સોની તથા શ્રી દિનેશ વધાસીયા તથા શ્રી પૂરવ પટેલ

જેઠ સુદી-૧૦ ને મંગળવાર તા. ૨-૬-૨૦૦૯ નો કાર્યક્રમ

સવારે : ૭-૦૦ કલાકે — **સમૂહ મહાપૂજા**

મહાપૂજાના યજમાનશ્રી દ્વારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યમાં સંપન્ન થશે.

સવારે ૧૧-૦૦ : કલાકે — **સહ યજમાનશ્રીઓનું સન્માન**

ધર્મકુળ વંદના મહોત્સવના તમામ સહયજમાનશ્રીઓ તથા રસોડામાં સીધા-સામગ્રીની સેવા આપનાર યજમાનશ્રીનું સન્માન પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે થશે.

બપોરે ૧૨-૦૦ : કલાકે — **ધાર્મિક પરીક્ષા ઈનામવિતરણ**

શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ દ્વારા લેવાયેલ ધાર્મિક પરીક્ષાના બાળકોને ઈનામવિતરણ પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે થશે તથા બાલીકાઓને ઈનામવિતરણ પૂ. લાલી રાજાશ્રીના શુભ વરદ્ હસ્તે થશે.

સાંજે ૫-૦૦ : કલાકે — **શોભાયાત્રા**

મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના નિવાસ સ્થાનેથી નીકળી ગુરુકુળ રોડ, સુભાષ ચોક, ડ્રાઈવ-ઈન રોડ, થલતેજ ચાર રસ્તા થઈશ્રી સ્વામિનારાયણ નગર પહોંચશે.

રાત્રે ૯-૦૦ કલાકે

ભજન સંધ્યા (રાત્રે ૯-૦૦ થી ૧૨-૦૦)

ગુજરાતના સુપ્રસિદ્ધ ભજનીક હેમંત ચૌહાણ.

જેઠ સુદી-૧૧ ને બુધવાર તા. 3-૬-૨૦૦૯ નો કાર્યક્રમ

સવારે : ૫-૦૦ કલાકે

શ્રી નરનારાયણદેવની મંગળા આરતી

સવારે : ૫-૧૫ કલાકે

મહાભિષેકની પૂજા વિધિ

શ્રી નરનારાયણદેવ મહાભિષેકનું પૂજન યજમાનશ્રી દ્વારા સવારે ૫-૧૫ થી ૬-૦૦ કલાકે

સવારે : ૬-૦૦ કલાકે

શ્રી નરનારાયણદેવ આદિ દેવોનો મહાભિષેક

શ્રી નરનારાયણદેવ આદિ દેવોનો મહાભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા વડતાલના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે સવારે : ૬-૦૦ થી ૬-૩૦ થશે.

સવારે : ૮-૩૦ કલાકે

શણગાર તથા અન્નકૂટ આરતી

શ્રી નરનારાયણદેવ આદિ દેવોનો છપ્પનભોગ (અન્નકૂટ) તથા શણગાર આરતી થશે.

સવારે : ૯-૧૫ કલાકે

શ્રીહરિ મહાયજ્ઞની પૂર્ણાહુતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા વડતાલના પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે .

સવારે : ૧૦-૦૦ કલાકે

શ્રીમદ્ સત્સંગિભૂષણ પારાયણની પૂર્ણાહુતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે થશે.

સવારે : ૧૦-૦૦ કલાકે

પ્રાગટ્ય જન્મજયંતી પ્રસંગનું પૂજન-આરતી

આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની ૨૦૦ મી પ્રાગટ્ય જન્મજયંતી પ્રસંગનું પૂજન-આરતી પ.પૂ. વડીલ સંતો, મુખ્ય યજમાનશ્રી અને બીજા મુખ્ય યજમાનો દ્વારા થશે.

સવારે : ૧૦-૧૫ કલાકે

સમગ્ર ધર્મકુળનું પૂજન-આરતી

શ્રી નરનારાયણદેવ પીઠાધીશ્વર આચાર્ય મહારાજશ્રી, વડતાલ પીઠાધીશ્વર આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળનું પૂજન અને આરતી મુખ્ય યજમાનશ્રી તથા સહ યજમાનશ્રી દ્વારા થશે. તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ. મોટા ગાદીવાળાનું પૂજન અને આરતી, પ.પૂ. સાંખ્યયોગી બહેનો અને યજમાનશ્રીના ધર્મપત્નીઓ દ્વારા

સવારે : ૧૦-૩૦ કલાકે

મુખ્ય મહેમાન તથા મુખ્ય યજમાનશ્રીનું સન્માન

ધર્મકુળ વંદના મહોત્સવમાં સેવા કરનાર મુખ્ય યજમાનશ્રીઓ અને પધારેલ મુખ્ય મહેમાનોનું સન્માન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ના શુભ વરદ્ હસ્તે થશે.

સવારે : ૧૧-૦૦ કલાકે

સંતોના પ્રાસંગીક પ્રવચનો

અમદાવાદ તથા વડતાલ દેશના પ.પૂ. વંદનીય વડીલ સંતોના પ્રવચનો.

સવારે : ૧૧-૩૦ કલાકે

ધર્મકુળના આશીર્વચન

પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભાર્શીવાદ, શ્રી લક્ષ્મીનારાયણદેવના પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભાશીર્વાદ.

બપોરે : ૧૨-૦૦ કલાકે

સમગ્ર મહોત્સવનું સમાપન પ્રવચન

સમગ્ર મહોત્સવનું સમાપન પ.પૂ. ભાવિ આચાર્ય મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ પ્રવચનથી થશે.

બપોરે : ૧૨-૧૫ કલાકે

શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનની પૂર્ણાહુતિ

બન્ને દેશના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે.

સંતોએ પાછો પગ ભર્યો ન હતો.

એક સમયે મહારાજે પ્રકરણ ચલાવ્યું જે રાત્રિએ કોઈનો શબ્દ ન સંભળાય તેમ રહેવું. તેમાંય પણ ખુલ્લા આકાશમાં એક વસ્ત્રભર રહેવું. આવી મહારાજની આજ્ઞા સંતો શિર સાટે પાળતા. એક દિવસ અતિશય ઠંડી હતી. ઠંડી સંતોથી સહન નહિ થવાથી રેતીમાં ખાડા ગાળીને તેમાં સંતો સૂતા અને ઉપર રેતી દાટી દઈને ફક્ત મસ્તક ઉઘાડું રાખી ને સૂતા ને ઠંડીમાં પણ વ્રતમાન-નિયમ-આજ્ઞા પાળતા હતા. તેમાં અદ્‌ભૂતાનંદ સ્વામીને એમ થયું કે બધા જ આવી રીતે સૂઈ જઈશું ને કોઈ ઘોડેસ્વાર આવશે તો સંતોના માથા ઉપર પગ મૂકશે તો સંતોના માથા ફૂટી જાશે. માટે હું ધ્યાન રાખું.

એટલામાં તો મહારાજ માણકીએ અસ્વાર થઈને આવ્યા. અદ્‌ભૂતાનંદ સ્વામીએ માણકીનું ચોકડું પકડ્યું, મહારાજ કહે, અહીંયા અંધારામાં કોણ ? ત્યારે સ્વામી કહે મહારાજ હું છું. મહારાજે અદ્‌ભૂતાનંદ સ્વામીને ઓળખ્યા એટલે કહ્યું કે અત્યારે અહિંયા શું કરો છો ? મહારાજ, આ બધા કાળા કાળા માથા દેખાય તે સંતો છે. આજે ઠંડી વધારે હતી એટલે સંતો રેતીમાં સૂતા છે, ને કોઈ ઘોડેસ્વાર આવે તો સંતોના માથા ઉપર ઘોડાના ડાબલા ન આવે એટલા માટે હું ધ્યાન રાખું છું. સ્વામીની આ સેવા જોઈને મહારાજ બહુ રાજી થયા. ને કહ્યું સ્વામી, તમે જે માગો તે હું તમને આપુ ? સ્વામી કહે મહારાજ, હવે આ સંતોથી ઠંડી સહન થતી નથી. આમાંથી કાંઈક ઓછું કરો. ત્યારે મહારાજ બોલ્યા સ્વામી, જેને રહેવું હોય તે રહે અમો તો આમજ કરશું. અમારે અહીંયા પાંજરાપોળ ઉભી નથી કરવી. જેને રહેવું હોય તે રહે પણ મારી આજ્ઞાથી આમ જ કરવું પડશે. એમ કહીને મહારાજે સ્વામીના હાથમાંથી ચોકડું મૂકાવી દીધું. મહારાજ તો માણકીને લઈને ચાલતા થઈ ગયા. આટલી કસોટી કરી છતાં પણ અભાવ ન આવ્યો. વ્હાલા ભક્તો, મહારાજે સંતોને આપણા ઉપદેશ માટે તાવ્યા હતા. આ સંતોની પાછળ અનંત આત્માઓને એકાંતિક ભક્ત કરવા હતા. એટલા માટે મહારાજે આવી કડક આજ્ઞાઓ કરી હતી. અને સંતોને પણ એકજ તાન છેકે મહારાજ રાજી કેમ થાય. દેહને દુઃખ થાઓ, સુખ થાઓ એના માટે કોઈ લક્ષ નથી. કેવળ ભગવત્ પ્રસન્નતા માટે જીવન કુરબાન કર્યા છે. દેહના સુખને લેશ પણ ઈચ્છતા નથી.

જુઓ મહારાજની આજ્ઞાને આધિન સંતોની કેટલી સહન શીલતા. જે સંતો તાવડીમાં રોટલો ઉથલાવે એમ ક્ષણમાં બ્રહ્માંડને ઉથલાવીને ઉંધુ નાખે એવા શક્તિવાળા કેટલું સહન કરી ગયા છે. તો આપણે પણ સહન શીલતા રાખીને પણ જીવાત્માના કલ્યાણ કરવાનો ઈશક રાખવો. જેથી આપણા ઈષ્ટદેવ તેમજ આપણા ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની પ્રસન્નતા થાય.

●

ઢેબરાં જમ્યા ન જમ્યા

– આનંદીબેન પટેલ (ઘાટલોડીયા)

શ્રીજી મહારાજ એક વખત મહોલ પાસે ઓટલા પર બિરાજમાન હતા. અનંત ભક્તજનો પ્રભુના દર્શન કરી રહ્યા હતા અને શ્રીહરિના મુખેથી અમૃતવાણીનો આસ્વાદ માણી રહ્યા હતા. તે વખતે ગામ વહેલાલના જેશીંગભાઈની બહેન શ્રીહરિને છેટેથી પગે લાગ્યા. શ્રીહરિએ ખબર અંતર પૂછ્યા. બાઈએ કહ્યું અમે ગામમાં લૌકિક વ્યવહારે આવ્યા હતા. આપના સમાચાર સાંભળ્યા તેથી દર્શન અર્થે આવ્યા છીએ. જમવાનો સમય હતો જેથી શ્રીહરિએ પૂછ્યું. તમે જમવાનો પ્રોગ્રામ ક્યાં રાખ્યો છે. બાઈએ કહ્યું અમે મસાલાવાળાં ઢેબરા બનાવીને સાથે લાવ્યા છીએ. તે હમણા જમી લઈશું. ભક્તવત્સલ પરમાત્મા એકદમ બોલ્યા અત્યારે અમને બહુ ભૂખ લાગી છે. અમને ઢેબરા જમવા આપો. શ્રીહરિના મુખેથી વાક્ય પુરુ થયું ન થયું એકદમ નિઃસંકોચ સપ્રેમ થેલીમાંથી ઢેબરા શ્રીહરિ પાસે બાઈએ મુકી દીધા ! શ્રીહરિ રાજી થયા. પોતાની ભૂખની જરા પણ પરવા કર્યા વગર આપ્યા. ભાવનાના ભૂખ્યા શ્રીહરિ એક ઢેબરુ જમ્યા પછી બાકીના પાછા આપી દીધા. જેશીંગભાઈની બહેનની સાથે એક બિનસંપ્રદાયના બહેન હતા. તે પણ ઢેબરા લઈને આવ્યા હતા. તેણે કહ્યું તમારા સ્વામિનારાયણ મારા ઢેબરા ખાશે ? જેશીંગભાઈના બહેને કહ્યું, તમારી સાચી ભાવના પ્રેમ હશે તો અમારા ભગવાન જરૂર જમશે. નહિતર નહીં જમે. બાઈના મનમાં શંકાના વિચારોનું મોજું આવ્યું. મનોમન ઝડપી નિર્ણય કર્યો. જો હું બધા ઢેબરા આપીશ અને જો જમશે નહિં તો મારા બધા ઢેબરા અભડાઈ જશે અને પછી મારા કામમાં આવશે નહિ. નિર્ણય મજબૂત કરી થેલીમાંથી સોનામહોર તિજોરીમાંથી કાઢતાં હોય તે પ્રમાણે એક ઢેબરું બહાર કાઢી શ્રીહરિ પાસે ..... જાણે મેં ઘણું જ આપી દીધું છે. તેવી ભાવના યુક્ત મુક્તા અંતર્યામી ભાવનાના ભૂખ્યા શ્રીહરિએ તે ઢેબરાં તરફ

દ્રષ્ટિ પણ ન કરી અને કહ્યું આ તમારું ઢેબરું તળાવમાં નાખી દો.... આ પરમાત્મા ભાવનાથી ભરપુર જીવણ ભક્તનો રોટલો જમ્યા હતા. વિદુરની ભાજી જમ્યા હતા. શબરીનાં એઠાં બોર જમ્યાં હતાં. શ્રીહરિ જમવાના ભૂખ્યા નથી. ભાવના ભૂખ્યા છે. બાઈ શ્રીહરિનું વાક્ય સાંભળી દુઃખના દરિયામાં ડૂબી ગઈ. પોતાની ભૂલ પોતાને સમજાઈ ગઈ. ભક્ત સમૂહ વચ્ચે નીચું મુખ કરી લાઈનમાં પાછળ આવી બેઠા. પ્રભુને જમાડવાની આપણી ભાવના મજબૂત હશે તો પ્રભુ આપણી પાસે માંગીને ઝગડીને ખોટું લગાડીને પણ તે જરૂર જમશે.

છપૈયાથી આવ્યા ઘનશ્યામ

- કંચનબેન રણછોડભાઈ પટેલ (નારણપુરા)

ઘણા સમય પહેલા નારણપુરા મંદિરથી સત્સંગી બહેનો છપૈયાધામે ગયા હતા. આખો મહિનો કથા કીર્તન અને દર્શનનો લાભ લઈ ઘેર આવવાનું હતું ત્યારે ઘનશ્યામ મહારાજને અંતરથી પ્રાર્થના કરતા હતા કે હે મહારાજ ! નારણપુરામાં મંદિરનું બાંધકામ ચાલે છે. તમે ત્યાં પધારો તો અમને તમારા નિત્ય દર્શન થાય. ભક્તવત્સલ ભગવાને, જાણે કે બહેનોની પ્રાર્થના સાંભળી હોય એવો મૂર્તિમાં પ્રત્યક્ષ ભાવ થયો અને તરત જ જાણે મહારાજની મરજી નારણપુરા મંદિરમાં પધારવાની હોય એવા ભાવથી માથાની પાઘ હળવેકથી સાઈડમાં નીચે આવી ગઈ. સહુને આ જોઈ ખૂબ આશ્ચર્ય થયું. પૂજારીને પણ નવાઈ લાગી. ઘનશ્યામ મહારાજની મૂર્તિમાં જાણે સાક્ષાત્કાર થયો એવું લાગ્યું. બહેનોને હરખનો પાર ન હોતો. જોગાનુંજોગ એ વખતે પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી નારણપુરા મંદિર પધાર્યા હતા. મંદિરનું બાંધકામ જોઈ તેમનાં મનમાં અહીં ઘનશ્યામ મહારાજ પધરાવીએ એવો સંકલ્પ કર્યો. પોતાના નિવાસ સ્થાને પધારીને મોટા મહારાજશ્રીને જાણ કરી કે નારણપુરા મંદિરમાં ઘનશ્યામ મહારાજ પધરાવીએ તો હરિભક્તોને નિત્ય પ્રત્યે દર્શનનું સુખ મળે. પૂ. મહારાજશ્રી પણ ખૂબ રાજી થયા. અને આ દિવ્ય સંકલ્પથી મંદિર નિર્માણ થતા સંવત ૨૦૫૦ મહા સુદ-૧૦ ના પવિત્ર દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ વેદોક્ત વિધિથી શ્રી નરનારાયણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજ અને ધર્મદેવ ભક્તિમાતાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા સ્વહસ્તે કરી આરતી ઉતારી છે. તે દર્શન અલૌકિક હતા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને ઘનશ્યામ મહારાજની મૂર્તિમાં એવો ભાવ થયો કે જાણે છપૈયાનાં ઘનશ્યામ મહારાજ પ્રત્યક્ષ બિરાજે છે. તે દિવસે પૂ. મહારાજશ્રીએ સભામાં તેમની અમૃતવાણીમાં પણ કહ્યું કે જ્યારે છપૈયામાં ઘનશ્યામ મહારાજનું પ્રાગટ્ય થયું ત્યારે વાતાવરણ શાંત અને શીતળ હતું અને મંદ મંદ પવન વાઈ રહ્યો હતો. એવું સત્સંગિજીવન અને સત્સંગિભૂષણ સત્શાસ્ત્રમાં વર્ણન કરેલું છે. આજે નારણપુરા મંદિરમાં પણ મંદમંદ પવન વાઈ રહ્યો છે .અને વાતાવરણ શાંત અને શીતળ છે. છપૈયાનાં ઘનશ્યામ મહારાજનો જન્મ આજે નારણપુરા મંદિરમાં જાણે થયો હોય એવું લાગે છે. નારણપુરા આજે જાણે છપૈયાધામ જેવું લાગે છે. ઘનશ્યામ મહારાજ મૂર્તિરૂપે પ્રત્યક્ષ બિરાજે છે. એવો સાક્ષાત્કાર થયો અને નારણપુરા સ્વામિનારાયણપુરા બન્યું.

જ્યારે હરિમંદિરમાં પહેલા મૂર્તિ પ્રતિષ્ઠા થઈ ત્યારે પૂ. મોટા મહારાજશ્રીએ સભામાં તેમની અમૃતવાણીમાં કહેલું કે કાંકરિયા જે પ્રસાદીના બાલ સ્વરૂપ કષ્ટભંજનદેવ હનુમાનજી છે તે શ્રી ઘનશ્યામ મહારાજને ત્યાં મંદિરમાં ખેંચી લાવ્યા છે એવી રીતે ભવિષ્યમાં નારણપુરા ગામમાં જે પ્રસાદીના હનુમાનજી છે તે નારણપુરા મંદિરમાં ઘનશ્યામ મહારાજને કોઈવાર જરૂર ખેંચી લાવશે. એ વખતે સભામાં તાળીઓનાં ગડગડાટ થયા હતાં.

નારણપુરા મંદિરમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠાના પ્રસંગે આત્મીયતાથી તન, મન, ધનથી સેવા કરી રહેલા હરિભક્તોને યજ્ઞમંડપમાં ઘનશ્યામ મહારાજનાં રાતવાસો દરમ્યાન ચોખાનાં ધાન્યમાં સોળ ચિહ્નોનાં દર્શન થયા હતા. અને શોભાયાત્રામાં ચંદનનાં અભી છાંટણા થયા હતા. વાતાવરણ નિર્મળ અને ખુશ્બુદાર બની ગયું હતું. સંતો અને હરિભક્તો વાજીંત્ર સહિત ધૂન- ભજન ગાતા હતા અને પાછળ બહેનો આનંદ અને ઉત્સાહમાં આવી મન મૂકીને નાચગાન સાથે ગઈ રહી હતી. જાણે રાધા અને કૃષ્ણનો રાસ જામ્યો હોય એવું દ્રશ્ય હતું. બહેનો પોતાના શરીરનું ભાન ભૂલી ઘેલી ઘેલી થઈ ગઈ હતી.

પૂજ્ય મોટા આચાર્ય મહારાજશ્રી મંદિર નિર્માણ થયું ત્યારથી અમદાવાદ કાલુપુર જતા પવિત્ર ધનુર્માસમાં સવારે વહેલા ૫-૧૫ વાગે નારણપુરા મંદિર પધારીને ઘનશ્યામ મહારાજની શણગાર આરતી ઉતારી હરિભક્તોને દિવ્ય દર્શનનો લાભ આપે છે.

.....પ્રશ્નપેટી.....

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

પ્રશ્ન : ૧ "ભગવાનને નવ પ્રકારની ભક્તિએ કરીને ભજવા તેને ભક્તિ જાણવી અને ભગવાનને સદા સાકાર સમજવા તેને ઉપાસના જાણવી" શ્રીજી મહારાજે આ વાત ક્યા વચનામૃતમાં કરી છે ?

પ્રશ્ન : ૨ જ્ઞાન કોને જાણવું ? શિક્ષાપત્રીના ક્યા શ્લોકમાં છે ?

પ્રશ્ન : ૩ જુડા ભાઈ વણીક બંધિયા ગામના ગરીબ હરિભક્ત થઈ ગયા તેઓની શ્રીજી મહારાજ પ્રત્યેની મનની ઈચ્છા શું હતી ?

પ્રશ્ન : ૪ ગઢપુરમાં એકવાર એક અસુર સ્વામિનારાયણ ભગવાનને પકડી દાદા ખાચર સાથે યુદ્ધ કરી ગઢપુર પડાવી લેવાના હેતુથી આવ્યો હતો તે અસુરનું નામ શું હતું ?

પ્રશ્ન : ૫ શાસ્ત્રમાં ભગવાનની મૂર્તિના ચાર પ્રકારના ધ્યાન કહ્યા છે તેના નામ જણાવો.

પ્રશ્ન : ૬ એક વખત શ્રીહરિએ સ્વધામ જવાનો સંકલ્પ કર્યો. તેમને શરીરે વ્યાધિ જેવું લાગતું હતું. શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું "સ્વામી અમે હવે અક્ષરધામ જવાની તૈયારી કરીએ છીએ." આ સાંભળી સ્વામી સંતો અને હરિભક્તો ખૂબ ઉદાસ થઈ ગયા. બ્રહ્મમુનિની આંખમાંથી તો અશ્રુની ધારા વહેલા વાગી અને મુખમાંથી વિરહ પદો ક્યા કીર્તન રૂપે સરી પડ્યા ?

પ્રશ્ન : ૭ "હાં રે હરિકૃષ્ણ હૈયાનો મારે હાર છે, હાંરે જીહો જોઈને જીવું છું. સુંદર મૂર્તિ રે" આ અદ્‌ભુત કીર્તનના રચયિતા કોણ છે ?

એપ્રિલ-૨૦૦૯ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો

(૧) અંશ-૫, અધ્યાય-૨૬૧, શ્લોક - ૧૩૦૫૨ (૨) પાણવી. (૩) સંવત ૧૭૯૫ શ્રાવણ વદ-૮. (૪) "દર્શને જાઉં અને તેમની ડુંટી ઉપર રૂપિયો મેલવા દે તો ભગવાન ખરા." (૫) લાલજી સુથાર માંથી મહારાજે આધોઈ ગામમાં દીક્ષા આપીને ભિક્ષા માગંવા પોાતના સસરાના ત્યાં જ મોકલ્યા અને આધોઈમાં રહીને સત્સંગ કરાવાની આજ્ઞા કરી જેથી સગા-વ્હાલા બધા સમજાવવા આવે છે ત્યારે આ ઉપદેશી કડી "સ.ગુ. નિષ્કુળાનંદ" જેમનું નામ મહારાજે પાડ્યું છે તેમણે કહી. (૬) ૧. પરરૂપ ૨. ચતુવ્યુ રૂપ ૩. વિભવરૂપ ૪. અર્ચારૂપ ૫. અંતર્યામિ રૂપ (૭) સ.ગુ મુક્તાનંદ સ્વામી

૧. માધવજીભાઈ હરખજીભાઈ આદ્રોજા (મોરબી)
૨. ઘનશ્યામભાઈ ભગવાનજીભાઈ પરમાર (સુરત)
૩. વિષ્ણુભાઈ જીવાભાઈ પટેલ (સીતાપુર)
૪. અમૃતલાલ મોદી (સોજા)
૫. ગોરધનભાઈ શંકરદાસ પટેલ (સોજા)
૬. સ.ગુ મુક્તાનંદ સ્વામી (સ્વા.મંદિર હર્ષદ-બાપુનગર)
૭. સાંખ્યયોગી રસીલાબા, સાંખ્યયોગી અસ્મિતાબા (અમદાવાદ)
૮. સાંખ્યયોગી રંજનબા, સાંખ્યયોગી રેખાબા (બાલાસિનોર)
૯. હેતલબેન જશવંતભાઈ સુથાર (ઓઢવ-અમદાવાદ)
૧૦. વર્ષાબેન અરવિંદભાઈ સોની (મેમનગર-અમદાવાદ)
૧૧. દક્ષાબેન ઘનશ્યામભાઈ સોની (અમદાવાદ)
૧૨. હસુબેન કે. ઠક્કર (ઈસનપુર)
૧૩. સાંખ્યયોગી રંજનબા તથા નાનીબેન (સ્વા.મંદિર વિરાટનગર)
૧૪. સુમિત્રાબેન નરેશભાઈ ભાવસાર (વિસનગર)
૧૫. જ્યોત્સનાબેન રાજુભાઈ પટેલ (આણંદપુરા)
૧૬. ભક્તિભાઈ ભોળાભાઈપ ટેલ (રાણીપ)
૧૭. ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૧૮. ત્રિભોવનભાઈ લક્ષ્મણભાઈ પટેલ (સ્વા.મંદિર નવાવાડજ)
૧૯. અરવિંદાબેન નરેશભાઈ ભાવસાર (ચાંદલોડીયા)
૨૦. અંજનાબેન મનુભાઈ પટેલ (નાંદોલ)
૨૧. શારદાબેન કાન્તિભાઈ પટેલ (નાંદોલ)
૨૨. સાકરબેન નટવરભાઈ પટેલ (નાંદોલ)
૨૩. કૈલાસબેન વિષ્ણુભાઈ પટેલ (નાંદોલ)
૨૪. પ્રફૂલાબેન એસ. પટેલ (ઉવારસદ)
૨૫. વિમળાબેન ફકીરભાઈ પટેલ (કપડવંજ)
૨૬. કીર્તિબેન કાન્તિલાલ શાહ (કપડવંજ)
૨૭. તરૂલતાબેન નલિનભાઈ આચાર્ય (મોરબી)
૨૮. વીણાબેન રતિલાલ ભાવસાર (નવરંગપુરા)
૨૯. સાંખ્યયોગી મંજુબા ભારતીબાં (અમદાવાદ-હવેલી)
૩૦. વિનોદભાઈ પી. પટેલ (વહેલાલ)
૩૧. ગોરધનભાઈ સીતાપરા (હીરાવાડી-બાપુનગર)
૩૨. માણેકબેન મણીલાલ પટેલ (દહેગામ)
૩૩. શિલ્પાબેન મણીલાલ પટેલ (દહેગામ)
૩૪. જયેશ પટેલ (કુજાડ)
૩૫. જગદીશ ચૌધરી (અમદાવાદ)
૩૬. શૈલેષકુમાર બાબુલાલ અડાલજા (રતનપર-મૂળીદેશ)
૩૭. સાંખ્યયોગી શિલ્પાબા-શિતલબા (સુરેન્દ્રનગર)
૩૮. કંચનબેન બાબુભાઈ પટેલ (રતનપુર-મૂળીદેશ)
૩૯. પરમાર ધર્મેન્દ્રસિંહ જીલુભા (જેતલપુર)

સત્સંગ સમાચાર

પ.પૂ. મોટા મહારાજશ્રીનો ૬૫ મો પ્રાગટ્યોત્સવ ધામધૂમથી ઉજવાયો

સર્વોપરિ શ્રી નરનારાયણદેવ ગાદીના ૬૪મા નિવૃત આચાર્ય પ.પૂ.ધ.ધુ. મોટા આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૬૫ મો પ્રાગટ્યોત્સવ જેમ જેમ નજીક આવતો ગયો તેમ તેમ સર્વે સંત હરિભક્તોને આનંદનો પાર ન રહ્યો. ખરેખર આપણા સંપ્રદાયમાં પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ દેશ-વિદેશમાં પાંદડે પાંદડે સર્વોપરિ શ્રીજી મહારાજનું નામ સાર્થક કરાવ્યું છે. નાનામોટા સંત-હરિભક્તો માટે તેઓશ્રીએ કદી ભેદ ભાવ રાખ્યો નથી. તેઓશ્રીના દર્શન કરતા જ મનમાં અપાર શાંતિ અનુભવાય છે. જેથી તેઓશ્રીનો પ્રાગટ્યોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવવા માટે પૂ. મહંત સ્વામીએ પૂ. મોટા મહારાજશ્રીને વિનંતી કરતા કહ્યું ત્યારે પ.પૂ. મોટા મહારાજશ્રીએ કહ્યું કે જન્મોત્સવ ખૂબજ સાદાઈથી ઉજવો અને આ પ્રસંગે શ્રીજી મહારાજનું વિશેષ ભજન કીર્તન થાય તેમ કરો તો અમે વધુ રાજી થઈશું. જેથી તેમની આજ્ઞા શિરોધાર્ય માની ચૈત્ર વદ ત્રીજના રોજ આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ ઉપસ્થિતિમાં ૬૫ મો પ્રાગટ્યોત્સવ શ્રીજી મહારાજના વિશેષ ભજન-સ્મરણ સાથે ઉજવાયો. સૌ પ્રથમ વિદ્વાન પંડિતો પ્રધાના ચાર્યશ્રી વાચસ્પતિ મિશ્ર અને કમલેશભાઈ ગોર આદિ વિપ્રોએ સ્વસ્તી વાચન કરી શુભેચ્છા પાઠવી વેદ વિધિસર પૂજા કરી. ત્યારબાદ અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, જેતલપુરના મહંત સ.ગુ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજી તથા કાંકરીયા, ધોળકા, માણસા, ઈડર, મૂળી, નારણપુરા, નારણઘાટ વગેરે મંદિરોના મહંત સ્વામી વગેરે સંત મંડળે ફુલહાર કરી પૂજન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા.

ત્યારબાદ આપણી સ્કીમ કમિટીના સર્વે સભ્યશ્રીઓ અને કારભારીશ્રી આદિ સૌએ પુષ્પહાર કરી આરતી ઉતારી પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ મેળવ્યા હતા. તેજ રીતે સભામાં પધારેલા હજારો ભક્તજનોએ પ.પૂ. મોટા મહારાજશ્રીના ચરણ સ્પર્શ દર્શન કરી ધન્ય ધન્ય બન્યા હતા.

પ્રાસંગિક સભામાં સૌ પ્રથમ અમદાવાદ મંદિરના પૂ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, જેતલપુર મંદિરના મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી, મૂળી મંદિરના મહંત શા. સ્વામી નારાયણપ્રસાદદાસજી, વડનગરના શા.સ્વા. નારાયણવલ્લભદાસજીએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું મહિમા માહાત્મ્ય અને તેઓશ્રીએ સંપ્રદાયમાં કરેલી અવિરત પ્રવૃત્તિ અને હાલ નિર્માણ થઈ રહેલું શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની માહિતી આપી હતી. આ પ્રસંગે શ્રી સંદિપભાઈ ચોકસીની પ્રેરણાથી આપણા ઘણા હરિભક્તોએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મોટી સેવા લખાવી હતી. જે સૌ ભક્તો ઉપર પ.પૂ. મોટા મહારાજશ્રી ખૂબજ રાજી થયા હતા. પ.ભ. રમેશભાઈ (દોરડાવાળા) એ ૬૫ માં પ્રાગટ્યોત્સવ પ્રસંગે ૬૫ ફૂટનો સુંદર પુષ્પનો હાર પહેરાવીને જીવન ધન્ય બનાવ્યું.

છેલ્લે સમસ્ત સભાને આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીએ માર્મિક ટકોર સાથે આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ પ.પૂ. મોટા મહારાજશ્રીએ શુભાશીર્વાદ આપતા જણાવ્યું કે અમેરિકામાં ૬૫ વર્ષ થાય એટલે કમ્પલસરી નિવૃત ગણાય. આજથી અમે સંપૂર્ણ નિવૃત થયા છીએ તેથી અમારી હવે જરૂર પુરતીજ સેવા લેજો. અને આજે પૂજા કરતા કરતા **સંકલ્પ કર્યો કે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનું ઉદ્‌ઘાટન સંવત ૨૦૬૭ના ફાગણ સુદ ત્રીજ તા. ૮-૩-૨૦૧૧ના રોજ સર્વોપરિ શ્રી નરનારાયણદેવના પાટોત્સવના શુભ દિને ખૂબજ ધામધૂમથી કરવા નિર્ધાર કર્યો છે.** કારણ કે આજ શુભ દિને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેથી આજ શુભ દિન અમે નક્કી કર્યો છે. એમ કહીને સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ નંદ સંતો રચિત કીર્તન ભક્તિ ધૂન્ય અને શણગાર આરતી થઈ ત્યારે સભા વિરામ પામી હતી.

(શા. આનંદજીનદાસ)

જેતલપુર ધામે શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો ૧૮૩ મો પાટોત્સવ ઉજવાયો

ગુજરાત અને ભારત દેશમાં વસતા સંપ્રદાયના સમસ્ત આશ્રિતો જ્યાં દર પૂનમે હજારોની સંખ્યામાં પગપાળા યાત્રા કરીને પુત્ર, ધન, યશ, ધંધાની પ્રગતિ, નોકરી, લગ્ન, ઘરનું ઘર અને છેલ્લે ભગવાનની વિશેષ પ્રસન્નતા મેળવવા જેતલપુર ધામમાં વિરાજમાન સંકલ્પ કર્તા શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના શરણે આવે છે. આવા મહાપ્રતાપી દેવનો ફાગણ વદ-૮ ના રોજ ૧૮૩ મો વાર્ષિક પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા અત્રેના મહંત શા.સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. પી.પી. સ્વામીની પ્રેરણાથી પ.ભ. રણછોડભાઈ જેઠાલાલભાઈ ગણાત્રા પરિવાર (કલોલીવાળા)ના યજમાનપદે ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્‌ સત્સંગિજીવન પંચ દિનાત્મક પારાયણ નવયુવાન શા.સ્વામી ભક્તિનંદનદાસજીના વક્તાપદે સંગીતમય શૈલીમાં સંપન્ન થઈ હતી. આ સાથે શ્રી હરિયાગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યજમાન પરિવારના પુત્ર શ્યામભાઈ, ઘનશ્યામભાઈ, વરૂણભાઈ અને રૂષિકેશભાઈએ લીધો હતો.

ફાગણ વદ-૮ ના પ્રાતઃ મંગળા આરતી બાદ સુંદર શ્વેત વસ્ત્રોમાં શોભતા શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજ આદિ દેવોનો ષોડશોપચાર મહાભિષેક પૂજારી બ્ર. પૂર્ણાનંદ

સ્વામી સાથે પૂ. પી.પી. સ્વામી, શ્યામ સ્વામી, કે.પી. સ્વામી અને વી.પી. સ્વામી આદિ સંતોએ ભગવાનને પંચામૃત અભિષેક તથા કેસર અભિષેક કર્યો હતો. આવા અલૌકિક દર્શન માટે હજારો ભાવિકો અત્રે પધાર્યા હતા. અભિષેક બાદ શણગાર આરતી અને ત્યારબાદ કથાની પૂર્ણાહુતિની આરતી કરવામાં આવી હતી. જેમાં ગ્રંથરાજનું પૂજન, વક્તાશ્રીનું પૂજન કરી આરતી ઉતારી હતી.

પ્રાસંગિક સભામાં યજમાન પરિવાર આવો અલૌકિક લાભ મેળવીને ખૂબજ હર્ષ પામ્યા હતા. જેથી આગામી ૩૮ વર્ષ પછીનો પાટોત્સવ પણ પોતાના નામે લખાવીને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને સંતોનો રાજીપો મેળવ્યો હતો.

પૂ. પી.પી. સ્વામી અને સંત મંડળે યજમાન પરિવારને શ્રીહરિનું સ્વરૂપ અર્પણ કરીને આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે સભા સંચાલન શા.હરિૐ સ્વામીએ સંભાળ્યું હતું.

વિદ્વાન સંતોની પ્રેરક વાણી અને છેલ્લે પૂજ્ય પી.પી. સ્વામીએ યજમાન પરિવારને સુંદર આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ અન્નકૂટ આરતીના દિવ્ય દર્શન હજારો દર્શનાર્થીઓએ કરીને ધન્ય ધન્ય બન્યા હતા.

છેલ્લે યજમાન પરિવાર તથા શ્રી નરનારાયણદેવ સ્કીમ કમિટીના સર્વે સભ્યશ્રીઓ સાથે રહીને શ્રીહરિયાગની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. અત્રે દર્શને પધારેલા સર્વે સંત-હરિભક્તોએ મહાપ્રસાદ ગ્રહણ કરીને જીવનને ધન્ય માણતા વિદાય થયા હતા. આ પ્રસંગનું આયોજન શા.માધવ સ્વામીએ કર્યું હતું. *(સાધુ વ્રજવલ્લભદાસ)*

ધર્મકુળ વંદના મહોત્સવના ઉપલક્ષમાં વિજય સ્તંભ સ્થાપના અને નગરયાત્રા

આપણા શ્રી નરનારાયણદેવ દેશ પીઠસ્થાનના સૌ પ્રથમ આચાર્ય પ.પૂ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના જન્મ દ્વિશતાબ્દી ધર્મકુળ વંદના મહોત્સવના ઉપલક્ષમાં વૈશાખ સુદ ત્રીજ અખાત્રીજ તા. ૨૭-૪-૦૯ના શુભ દિને વિજય સ્તંભ નગરયાત્રા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં અને હજારો પૂજનીય સંતો અને હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નારણપુરાથી ટુ અને ફોર વ્હીલરમાં ભૂયંગદેવ ચાર રસ્તાથી સત્તાધાર સર્કલ થઈ સોલાબ્રીજના છેડે થઈ ધૂન ભજન કીર્તન કરતા નગર યાત્રા શ્રી સ્વામિનારાયણ નગર ગણેશ હાઈસીંગ કોર્પોરેશન પહોંચી હતી. જ્યાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિજય સ્તંભ સ્થાપના વેદ વિધિસર ધામધૂમથી સંપન્ન થઈ હતી. પૂ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી આ પ્રસંગના યજમાન પ.ભ. કે.કે. જેસાણી તથા ધર્મપત્ની ધનુબેન, સુપુત્રી દિપાબેન, વિનાબેન (વિલ્સડન લંડન) આદિ પરિવારે મહા અલૌકિક લાભ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું. અંદાજે ૩૦૦૦ જેટલા ભાવિકોને અમદાવાદ કાલુપુર મંદિર તરફથી નાસ્તાની સુંદર વ્યવસ્થા કોઠારી પાર્ષદ દિગંબર ભગત, મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વા. સૂર્યપ્રકાશદાસજી, નાના પી.પી. સ્વામી, (મહંત નારણઘાટ), પૂ. બ્ર. રાજેશ્વરાનંદજી, કોઠારી જે.કે. સ્વામી, ભક્તિ સ્વામી, યોગી સ્વામી આદિ સંત મંડળે કરી હતી. *(નિલેશ ભગત)*

કાંકરિયા મંદિરમાં મારૂતિ યજ્ઞ

અત્રે રામબાગ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે ચૈત્ર સુદ-૧૫ હનુમાન જયંતીના દિને મહાવિષ્ણુયાગના આયોજનમાં હજારો ભક્તોએ યજમાન પદે રહીને યજ્ઞનો મહા લાભ લીધો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી અને અત્રેના મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી, મહંત આનંદ સ્વામી આદિ સંતોએ સાંજે ૬ કલાકે મારૂતિ યજ્ઞનું શ્રીફળ હોમીને યજ્ઞની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. સભામાં આગામી ધર્મકુળ વંદના મહોત્સવ ધામધૂમથી ઉજવવાની સંપૂર્ણ માહિતી શા. યજ્ઞપ્રકાશદાસે આપી હતી. જેમાં સૌને તન, મન અને ધનથી સેવા કરવા જણાવ્યું હતું. છેલ્લે પ્રસાદ અને રાત્રે ૯ થી ૧૨ શ્રી હનુમાન ચાલીસાના પાઠ ભક્તોએ કર્યા હતા.
(નરોત્તમ ભગત)

શ્રી સ્વામિનારાયણ મંદિર લેઇ (ઇંડર દેશ)

શ્રી સ્વામિનારાયણ મંદિર લેઈનો ૪૫ મો વાર્ષિક પાટોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રીના રૂડા આશીર્વાદ તથા સ.ગુ. ભક્તિપ્રિયદાસજીની પ્રેરણાથી ખૂબજ ધામધૂમથી ઉજવાયો. પાટોત્સવના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત કથા પારાયણ શા.સ્વા. ચંદ્રપ્રકાશદાસ (બીલાયા)ના વક્તાપદે થઈ હતી. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને નિજ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. ત્યારબાદ સભામાં સંત-હરિભક્તોએ પુષ્પહાર પહેરાવી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. છેલ્લે સમસ્ત સભાને અતિ રાજી થઈ પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે આયોજીત સમૂહ મહાપૂજામાં ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો. સભા સંચાલન શા.સ્વા. આનંદજીવનદાસે સંભાળ્યું હતું. *(બાબુભાઈ રેવાભાઈ પટેલ)*

ગુલાબપુરા શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું)માં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

ગુલાબપુરા ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા અ.નિ. સ.ગુ. શા.સ્વા. હરિસ્વરૂપદાસજીની દિવ્ય પ્રેરણાથી બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠાનું સુંદર આયોજન સંપન્ન થયું. મૂર્તિ પ્રતિષ્ઠાના મુખ્ય યજમાન પ.ભ. સોમાભાઈ નરસિંહદાસ પટેલ પરિવારે લાભ લીધો હતો. આ પ્રસંગના ઉપલક્ષમાં ત્રિદિનાત્મક મહાવિષ્ણુયાગ અ.નિ. કાલીદાસ નરસીદાસ પટેલ પરિવારના પુત્રો ગાંડાભાઈ, અમૃતભાઈ અને વિષ્ણુભાઈના યજમાન પદે સંપન્ન થયો. ગામના દરેક ભક્તોએ યેનકેન

પ્રકારે યજમાન બની મહા લાભ લીધો હતો. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સંતો તથા ભૂદેવોએ યજ્ઞની પૂર્ણાહુતિ કરી હતી.

તા. ૧૮-૪-૦૯ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ગુલાબપુરા પધાર્યા ત્યારે ધામધૂમથી શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રા પૂર્ણ થતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ બહેનોના મંદિરમાં પધારીને ઠાકોરજીની મૂર્તિ પ્રતિષ્ઠાની આરતી ઉતારી હતી.

પ્રાસંગિક સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ તમામ યજમાન પરિવારોને શ્રીહરિનું સ્વરૂપ આપી આશીર્વાદ આપ્યા હતા.

ત્યારબાદ પૂ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી, શા. હરિપ્રિય સ્વામી, શા. ચંદ્રપ્રકાશદાસ, રઘુવીર સ્વામી, શા.સ્વામી શ્રીજીપ્રકાશદાસજી, હિંમતનગરના મહંતશ્રી, નારણઘાટ મહંતશ્રી, ઈડર મહંતશ્રી આદિ સંતોએ પ્રેરક પ્રવચન કરેલ. છેલ્લે સમસ્ત ગામને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આભાર વિધિ ડૉ. નિકીકુમારે કરી હતી. આગામી ધર્મકુળ વંદના મહોત્સવની સમસ્ત હરિભક્તોને માહિતી આપવામાં આવી હતી. આ ઉત્સવમાં રઘુવીર સ્વામી, કૃષ્ણપ્રસાદ સ્વામી (ટોરડા) જગદીશ સ્વામી (ઈડર), શ્રીજી સ્વામી, સત્યસંકલ્પદાસ આદિ સંત મંડળે સુંદર સેવા બજાવી હતી.

(કોઠારી ગાંડાભાઈ)

ધનસુરા શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરના ૧૫ મા પાટોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૭-૩-૦૯ થી ૨૯-૩-૦૯ દરમ્યાન શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધની ત્રિદિનાત્મક પારાયણ મહંત શા.સ્વામી હરિજીવનદાસજી (હિંમતનગર)ના વક્તાપદે યોજવામાં આવી હતી.

તા. ૨૯-૩-૦૯ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ગામના હરિભક્તોએ ભવ્ય શોભાયાત્રા કાઢી હતી. શોભાયાત્રા મંદિરે પહોંચી ત્યારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારીને કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. પ્રાસંગિક સભામાં પ.ભ. સોમાભાઈ વાઘજીભાઈ પરિવારે અને કમિટી સભ્યોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. ગામ અને બહાર ગામના હરિભક્તોએ પુષ્પહાર કરી ચરણ સ્પર્શ દર્શન કરી અલૌકિક લાભ લીધો હતો.

સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૩૧-૩-૦૯ ના રોજ બહેનોના આગ્રહ ભર્યા આમંત્રણથી પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને બહેનોને દર્શન આશીર્વાદનું સુખ આપી ખૂબજ રાજી થયા હતા.

આ પ્રસંગે સ.ગુ. શા.સ્વામી અખિલેશ્વરદાસજી અને તેમનું સંત મંડળ અને શા.સ્વામી છપૈયાપ્રસાદદાસજી સેવામાં અને આયોજનમાં અગ્રેસર રહ્યા હતા.

(સોમાભાઈ વાઘજીભાઈ પટેલ)

ઉનાવા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રેના મહંત પુરાણી સ્વામી બાલસ્વરૂપદાસજીની પ્રેરણાથી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો ૨૭ મો વાર્ષિક પાટોત્સવ વૈશાખ સુદ- ત્રીજ અખાત્રીજના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ હસ્તે ષોડશોપચારપૂર્વક વેદવિધિસર ધામધૂમથી સંપન્ન થયો હતો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ ભક્તચિંતામણી અંતર્ગત શ્રીહરિ ઐશ્વર્ય પરચા પ્રકરણ ત્રિદિનાત્મક પારાયણ સુપ્રસિદ્ધ વક્તા સ.ગુ. શા.સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ) એ પોતાની સુંદર શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું હતું. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી.

આ પ્રસંગના યજમાન મોતીભાઈ પ્રભુદાસ પટેલ પરિવાર રહ્યા હતા. પ્રાસંગિક સભામાં વિદ્વાન સંતોની પ્રેરક વાણી બાદ સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા.

(નાના પી.પી. સ્વામી, મહંતશ્રી નારાયણઘાટ મંદિર)

ભાવનગરપુરા (પ્રતાપુરા) મંદિરમાં બીજો પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદસહ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના સંપૂર્ણ રાજીપાથી તથા અત્રેના ગામ ગુરુ અ.નિ. પૂજ્ય સ.ગુ. શા.સ્વામી દેવચરણદાસજી (વે.વ્યા.આચાર્ય)ની દિવ્ય પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર જિર્ણોદ્ધારનો બીજો વાર્ષિક પાટોત્સવ સાથે શ્રીમદ્ સત્સંગિભૂષણ સપ્તાહ પારાયણ શા.સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (મહંત માણસા)ના વક્તાપદે તા. ૩૧-૩-૦૯ થી તા. ૬-૪-૦૯ પર્યન્ત સંપન્ન થઈ હતી. સહિંતાપાઠના વક્તાપદે સ.ગુ. શા.સ્વામી ભક્તિવલ્લભદાસજી બિરાજ્યા હતા.

તા. ૩૧-૩-૦૯ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને તેઓશ્રીનું ભવ્ય સામૈયું શોભાયાત્રાના રૂપે થયું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સભામાં સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

રોજે રાત્રે ભજન-કીર્તનના સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. આ પ્રસંગે અમદાવાદ, જેતલપુર, કાંકરિયા, ઈડર, નારાયણઘાટ, કલોલ ગુરુકુળના સંતો તેમજ પૂ. શા.સ્વામી હરિકેશવદાસજી, પૂ. શા.સ્વામી નિર્ગુણદાસજી,

પૂ. સ્વામી જગતપ્રકાશદાસજી, પૂ. સ્વામી હરિચરણદાસજી (કલોલ) આદિ સંતોએ પધારીને સૌને આશીર્વાદ આપ્યા હતા.

તા. ૬-૪-૦૯ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. બન્ને શ્રીજી સ્વરૂપોના હસ્તે ઠાકોરજીની આરતી અન્નકૂટ આરતી અને કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારવામાં આવી હતી. પ્રાસંગિક સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે સમસ્ત ગામને સાતેય દિવસ અને મહેમાનોને સાતેય દિવસ જમાડવામાં આવેલ.

પ્રસંગ દરમ્યાન સભા સંચાલન શા.છપૈયાપ્રસાદદાસજી અને સ્વા. પૂર્ણપ્રકાશદાસે (માણસા) સંભાળ્યું હતું.

અન્ય સેવામાં સ્વા. વિજયપ્રકાશદાસ, સ્વામી વિષ્ણુપ્રસાદદાસજી, પૂજારી ચંદ્રપ્રકાશદાસ, પાર્ષદ ભરત ભગતે (મૂળી) સેવા બજાવી હતી.

પ.ભ. પટેલ મુલચંદભાઈ કચરદાસ, તુલસીભાઈ કચરદાસ, ઈશ્વરભાઈ એચ. અને કોઠારી અને સર્વે હરિભક્તોએ ખડે પગે સેવા બજાવી હતી.

(નારાયણભાઈ પટેલ)

પ.પૂ. મોટા મહારાજશ્રીના ૬૫ માં પ્રાગટ્યોત્સવના ઉપલક્ષમાં ડાયાબીટીસ કેમ્પ યોજાયો

પ.પૂ. મોટા મહારાજશ્રીના ૬૫ માં પ્રાગટ્યોત્સવના ઉપલક્ષમાં ચૈત્ર વદ ત્રીજ તા. ૧૨-૪-૦૯ ને રવિવારના શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ અમદાવાદ મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી આપણા સેવાભાવી ડૉ. રમેશભાઈ પરીખની રાહબરી હેઠળ ડાયાબીટીસ કેમ્પ યોજાયો. જેમાં આપણા સંતો સહિત ધર્મપ્રેમી જનોએ (૧૨૭ કુલ) મોટી સંખ્યામાં લાભ લીધો હતો. જેમાં ડૉ. ભાવિન પરીખ, ડૉ. મુકેશભાઈએ સેવા આપીને યોગ્ય સારવાર અને નિદાન કર્યું હતું.

(ચેતન ભગત)

વિજ્ઞાપન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંસ્થાપિત શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય જેતલપુર સરકાર માન્ય મહાવિદ્યાલયમાં અભ્યાસ કરવા માટે પ્રવેશ ચાલુ છે. તો ત્વરિત પ્રવેશપત્ર ભરી પ્રવેશ પ્રાપ્ત કરવો. જેની વિગત નીચે પ્રમાણે છે.

પ્રવેશ લાયકાત : ધો. ૭ પાસ

પ્રવેશ પત્ર પ્રાપ્તિ સ્થાન : (૧) શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ. ફોન નં. ૦૭૯-૨૨૧૩૨૧૭૦(૨) સ્વામિનારાયણ મંદિર જેતલપુર, તા. દશક્રોઈ, જિ. અમદાવાદ ફોન : ૦૨૭૧૮-૨૮૨૩૭૬ (૩) સ્વામિનારાયણ સંસ્કૃત મહા વિદ્યાલય, જેતલપુર ફોન : ૦૨૭૧૮-૨૩૩૯૬૦, ૨૮૨૫૦૦

પ્રવેશ પત્રની સાથે ધો.૦૭ ની પાસ કર્યાની (પરિણામ) ઝેરોક્ષ કોપી. પ્રવેશપત્રની અંતિમ તા. ૨૫-૫-૦૯

પ્રવેશ પરીક્ષા : લેખિત એવં મૌખિક તા. ૩૧-૫-૦૯ સવારે ૯૦૦ કલાકે

વિદ્યાલય સત્ર પ્રારંભ : ૮-૬-૦૯ સોમવારથી ૭-૪૫ સવારથી રાબેતા મુજબ.

સંચાલકશ્રી, શ્રી સ્વામિનારાયણ સં.મ.લી.
અક્ષરમહોલવાડી, જેતલપુર

શ્રી સ્વામિનારાયણ મંદિર સમૌ

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સમૌ, ગોઝારીયા અને ઈન્દ્રપુરાના યુવકો દ્વારા આપણા ઈષ્ટદેવ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો ૨૨૮ મો પ્રાગટ્યોત્સવ મંદિરના ચોકમાં ધામધૂમથી ઉજવ્યો હતો. જેમાં ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

રાણીપ શ્રી સ્વામિનારાયણ મંદિર

૪૦ જેટલા હરિભક્તોએ તા. ૧૩-૩-૦૯ થી ૧૫-૩-૦૯ દરમ્યાન શ્રી નરનારાયણદેવ અમદાવાદ, જેતલપુર, ડભાણ અને વડતાલ ધામની પદયાત્રા યોજી હતી.

લસુન્દ્રા શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે લસુન્દ્રા શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૫૩ મો વાર્ષિક પાટોત્સવ ચૈત્ર વદ-૯ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમથી ઉજવાયો. સૌ પ્રથમ ભવ્ય શોભાયાત્રા બાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ બહેનોના મંદિરમાં અન્નકૂટ આરતી ઉતારી હતી. ત્યારબાદ ભાઈઓના મંદિરમાં મહાપૂજા અને અન્નકૂટની આરતી ઉતારી હતી. પ્રાસંગિક સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં અમદાવાદ મંદિરના મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, શા.સ્વામી રામકૃષ્ણદાસજી, શા. સ્વામી અખિલેશ્વરદાસજી આદિ સંતોએ આપણા આગામી ઉત્સવ 'ધર્મકુળ વંદના મહોત્સવ'ની રૂપરેખા સાથે સેવા માટે આહવાન કરતા ૨૫૧ તેલના ડબ્બાની સુંદર સેવા હરિભક્તો દ્વારા કરવામાં આવી હતી. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે આ ઉત્સવમાં નાનામાં નાના હરિભક્ત સેવા કરે તેવી ઈચ્છા છે. જેથી તેનું સહેજે દર્શન કરતા કલ્યાણ થાય. તેમ કહી અતિ રાજી થયા હતા. આ પ્રસંગમાં નાથદ્વારા મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સાપાવાડા મહંત સ્વામી નંદકિશોરદાસજી, સ્વામી વિજયપ્રકાશદાસ વગેરે સંતો પ્રેરણારૂપ રહ્યા હતા. દરેક હરિભક્તોએ પૂ. મહારાજશ્રીના ચરણ સ્પર્શ દર્શનનું સુખ લઈ રાજી રાજી થઈ ગયા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને શ્રીજી મહિલા મંડળની સેવા સુંદર રહી હતી.

(અરવિંદભાઈ તથા અરૂણભાઈ)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

સુરેન્દ્રનગરમાં ઉજવાયો શ્રીહરિ જયંતી ઉત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી અને અત્રેના મહંત સ્વામીની પ્રેરણાથી ચૈત્ર સુદ-૯ શ્રીહરિ જયંતી રામનવમી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. જેમાં સવારે મહાપૂજા, અખંડ મંત્રજાપ અને રાત્રે ભવ્ય શાકોત્સવ અને રાત્રે ૧૦-૧૦ શ્રીહરિ પ્રાગટ્યોત્સવ આરતી ધામધૂમથી થઈ હતી. હરિભક્તોએ મોટી સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો. શા. પ્રેમવલ્લભદાસજીના માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી. *(શૈલેન્દ્રસિંહ ઝાલા)*

શ્રીજીનગર (તા. હળવદ) શ્રી સ્વામિનારાયણ મંદિર ૧૨ મો પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરના ૧૨ મા પાટોત્સવ પ્રસંગે ત્રિદિનાત્મક ભક્ત ચિંતામણી (પરચા)ની કથા સાધુ નિલકંઠચરણદાસના વક્તાપદે થઈ હતી. આ પ્રસંગે ઠાકોરજીને અભિષેક-અન્નકૂટ આદિ પ્રસંગ ઉજવાયા હતા. સંતોએ સર્વોપરિ શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળનો મહિમા માહાત્મ્ય અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞામાં વર્તીને સત્સંગનું કાર્ય કરવા ખાસ ભાર મૂક્યો હતો.

(મોરી મગનભાઈ)

ઘાંગધ્રા ગુરુકુળ ખાતે સત્સંગ શિબિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે તા. ૬, ૭ અને ૮ એપ્રિલના લુહાણા જ્ઞાતિની વાડીમાં શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ ગુરુકુળના સંતો દ્વારા સત્સંગ શિબિરનું સુંદર આયોજન થયું. ૩૦૦૦ જેટલા હરિભક્તોને રામસ્વામી આદિ સંત મંડળે સર્વોપરિ શ્રીહરિ અને ધર્મવંશીનું માહાત્મ્ય મહિમા દ્રષ્ટાંતો સાથે સમજાવ્યું હતું.

(અનિલભાઈ દુધરેજીયા)

વિદેશ સત્સંગ સમાચાર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ઓસ્ટ્રેલીયા સીડનીનો ધર્મપ્રવાસ

ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપા અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદથી અત્રે સીડની-બ્લેકટાઉન ખાતે આઈ.એસ.એસ.ઓ. શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા ભવ્ય શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન તા. ૫-૪-૦૯ થી ૧૧-૪-૦૯ પર્યંત પ.પૂ. મહારાજશ્રીના પાવન સાનિધ્યમાં થયું. સંપ્રદાયના પ્રસિદ્ધ વક્તા શાસ્ત્રી શ્રી યોગેન્દ્રભાઈ ભટ્ટ દ્વારા બોમન હોલમાં થયેલ. એ કથાનો અનેક ભક્તોએ લ્હાવો લીધો. પ.ભ. શ્રી મનહરભાઈ અમીન પરિવારના યજમાનપદે આ સુંદર આયોજન થયું. ટ્રસ્ટી મંડળ તથા નાના-મોટા અનેક ભક્તોની સેવા અને સહકારથી સાતેય દિવસ મહાપ્રસાદ સાથેનો આ દિવ્ય પ્રસંગ જાણે પ્રતિષ્ઠાનો પ્રસંગ હોય એવો ભવ્ય અને દિવ્ય બની રહ્યો.

પ્રતિષ્ઠા બાદ પ્રથમ વખત પૂ. મહારાજશ્રી પધારતા હોઈ હરિભક્તોની આતુરતા અને ઉત્સાહ ચરમસીમાએ હતી. તા. ૫-૪-૦૯ના રોજ સવારે પ.પૂ. મહારાજશ્રીનું સીડની ખાતેનું આગમન ભક્તો માટે અવિસ્મરણીય બની રહ્યું. તે જ દિવસે સાંજે બ્લેક ટાઉનના મેયર તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં પૂ. મહારાજશ્રીએ દિપ-પ્રાગટ્ય કરી કથાનો શુભારંભ કરાવ્યો. સાતેય દિવસ પૂ. મહારાજશ્રીની સભામાં હાજરી એ ભક્તો માટે મહાન સૌભાગ્ય તથા આનંદની વાત હતી. દરરોજ સવારથી સાંજ સુધી ભક્તોને ત્યાં પધરામણી સાંજે કથામાં દર્શન-આર્શીવચન ત્યારબાદ ફરી રાત્રે પધરામણી. "અમે ઘણા સમય પછી આવ્યા છીએ માટે અમારે કોઈ ભક્તની ભાવના અધુરી રાખવી નથી." મહારાજશ્રીના આ શબ્દોએ તો જાણે ભક્તોમાં આત્મીયતાનો પ્રાણ પૂર્યો. કથા દરમિયાન કૃષ્ણ જન્મોત્સવ, રૂક્ષ્મણી વિવાહ જેવા પ્રસંગો ખૂબ ધામધૂમથી ઉજવાયા હતા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું સ્વાગત સામૈયું પણ ભવ્યાતિભવ્ય કરવામાં આવ્યું હતું. કચ્છ પ્રદેશના સર્વે ભક્તોએ આનો દિવ્ય લાભ લીધો હતો. લેઝીમ, બેન્ડ, ઓચ્છવ મંડળી અને માથે મંગળ કળશ ધારણ કરી વધાવી રહેલા બહેનો આ દિવ્ય યાત્રા જોવા તો ત્યાંના સ્થાનિક લોકો પણ બહાર આવી ગયા હતા. તે જોઈને અચંબીત અને પ્રમાવિત થયા હતા. તા. ૧૧-૪-૦૯ ના રોજ પ.પૂ. મહારાજશ્રીના હસ્તે કથાની સમાપ્તિ થયા બાદ સાંજે મહારાજશ્રી સંતો સાથે મેલબોર્ન પધાર્યા હતા. પૂ. મહારાજશ્રી સાથે સંત મંડળમાં શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી તથા શા. સ્વામી રામકૃષ્ણદાસજી તથા પાર્ષદ વનરાજ ભગત પણ પધાર્યા હતા. તેઓએ પણ સત્સંગ-કથાવાર્તાનો સુંદર લાભ આપ્યો હતો. પૂ. મહારાજશ્રી દર વર્ષે અહીંયા પધારે એવી ભક્તોએ પ્રાર્થના કરી હતી અને પૂ. મહારાજશ્રીએ પણ રાજી થઈ સ્વીકૃતિ આપી હતી. પૂ. મહારાજશ્રીના આગમનથી સમગ્ર સત્સંગ પાવન અને ધન્ય ધન્ય થયો.

મેલબોર્નમાં સત્સંગ જોઈ પૂ. મહારાજશ્રી અતિ રાજી

થયા હતા. ત્યાં પણ બે જ દિવસના ટૂંકા રોકાણમાં પધરામણી અને સત્સંગ સભાનો લાભ આપ્યો હતો. નવયુવાન સત્સંગીઓની ધગશ ને પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ બિરદાવી હતી અને શ્રી નરનારાયણદેવની નિષ્ઠા સાથે ભજન કરશો એવા શુભાશીષ પાઠવ્યા હતા. મેલબોર્નમાં પણ આપણું નવું મંદિર જલદી તૈયાર થાય એવી ભક્તોની આશા પણ શ્રીજી મહારાજ જલદી પૂર્ણ કરે એવી પ્રાર્થના.

(તેજસ પટેલ, સીડની)

હ્યુસ્ટન શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રાગટ્યોત્સવ ચૈત્ર સુદ-૯ તા. ૪-૩-૨૦૦૯ ના રોજ સૌ પ્રથમ પ્રાતઃ ધૂન-ભજન કથા વાર્તા અને બપોરે ૧૨-૦૦ કલાકે શ્રી રામ જન્મોત્સવ આરતી કરવામાં આવી હતી. આજે ભગવાનનું સિંહાસન સુંદર શણગારવામાં આવેલ. સભામાં મહંત કે.પી. સ્વામીએ સર્વોપરિ શ્રીહરિનું મહિમા માહાત્મ્ય લીલા ચરિત્રો સાથે સમજાવ્યું હતું. રાત્રે ૧૦-૧૦ પ્રાગટ્યોત્સવ આરતી કરવામાં આવી હતી. જેના દર્શનનો લાભ હજારો ભાવિકો ભક્તોએ લીધો હતો. *(રમેશ ટી. પટેલ)*

કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિર

અહીંના આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી માર્ચ મહિનાના પહેલા શનિવારે સવારે ૮ થી સાંજના ૭ દરમ્યાન સત્સંગ શિબિર યોજવામાં આવી હતી. યુવાનો, આબાલ વૃદ્ધ સૌ કોઈ શિબિરમાં જોડાયા હતા. આપણા ઈસોના ઘણા ચેપ્ટરોના હરિભક્તોએ લાભ લીધેલ. જેમાં ચેરિહીલ, વિહોકન અને કોલોનીયા મંદિરના મહંત સ્વામીએ ભગવાનનું અને ધર્મકુળ માહાત્મ્ય અને વ્યસનમુક્ત જીવન જીવવા પર સમજ પુરી પાડી હતી.

૨૮ માર્ચના રવિવારના વિકેન્ડમાં શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સાથે અમદાવાદ મંદિરના મહંત સ્વામી, નારાયણઘાટ મંદિરના મહંત સ્વામી, વડનગર મંદિરના મહંત સ્વામી અને કોટેશ્વર ગુરુકુળના શા.સ્વા. રામકૃષ્ણદાસજી આદિ સંતોએ હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં રંગોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજી સમક્ષ રંગ છાંટણા કરવામાં આવેલ. હજારો હરિભક્તોએ આવા દિવ્ય અલૌકિક કેસુડાના રંગથી રંગાવાનો મહા લાભ લીધો.

પૂ. બિન્દુરાજાના પુત્રરત્ન શ્રી સુવ્રતકુમાર અને શ્રી સૌમ્યકુમાર પણ પૂ. મામાશ્રી સાથે રંગોત્સવમાં જોડાયા હતા અને સૌને રંગથી ભીંજવી દીધા હતા. અદ્‌ભુત દર્શન હતા.

પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના મહંત સ્વામીએ આપણા ધર્મકુળ વંદના મહોત્સવની રૂપરેખા સમજાવી હતી. શા. સ્વામી નારાયણવલ્લભદાસજી અને શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીએ ઉપરોક્ત પ્રસંગને અનુરૂપ પ્રવચન આપ્યું હતું.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે આવા ઉત્સવો સૌ ભક્તો ભેગા મળીને ઉજવે તો તેનું સ્મરણ કાયમ યાદ રહે અને સત્સંગનું બળ વધે. અને મહારાજ સૌનું રૂડું કરે અને સુખીયા કરે તેવા રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા.

(પ્રવિણભાઈ શાહ)

ચેરિહિલ (અમેરિકા) શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા અહીંના મહંત સ્વામી વિશ્વપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે ફુલડોલ ઉત્સવ ધામધૂમથી ઉજવાયો. જેમાં પેન્સીલ વેનીયા, એટલાન્ટીક સીટી, વિહોકન મંદિર અને કોલોનીયાના હરિભક્તો પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સ્વામીએ આજના પ્રસંગની કથા સુંદર રીતે વર્ણવીને શ્રીનરનારાયણ જયંતી માહાત્મ્ય મહિમા સાથે કહ્યું હતું. ૩ એપ્રિલના ચૈત્ર સુદ-૯ રામનવમીના ૧૨ વાગે રામ જન્મોત્સવ અને સાંજે મહંત સ્વામી શા. વિશ્વપ્રકાશદાસજીએ સર્વોપરિ શ્રીહરિનું માહાત્મ્ય વિસ્તારપૂર્વક કહ્યું હતું. રાત્રે ૧૦-૧૦ બાલ પ્રભુ સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજના પ્રાગટ્યોત્સવની આરતી પ્રસંગે હરિભક્તોએ નંદસંતોના કીર્તનો ગાઈને જન્મોત્સવ ધામધૂમથી મનાવ્યો હતો. સૌ ભક્તજનો દર્શન અને કથાનો લાભ લઈ ધન્ય બન્યા હતા. *(પ્રવિણભાઈ શાહ)*

બુવી મેરીલેન્ડ (વોશિંગ્ટન ડી.સી.)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ૧૪ માર્ચના શનિવારે ૪-૩૦ થી ૯-૦૦ ઈલ્કરીઝ મેરીલેન્ડ ગ્રેસ ઈપીસ્કોપલ ચર્ચના પેરીસ હોલમાં સત્સંગ સભા રાખવામાં આવી હતી. જેમાં કથા વાર્તા ધૂન-ભજન નિત્ય નિયમ અને થાળ-આરતી સમૂહમાં કર્યા હતા. કલિવલેન્ડથી શા. હરિનંદન સ્વામીએ સેલફોન તથા માઈકના માધ્યમથી સર્વોપરિ શ્રી નરનારાયણદેવનો મહિમા માહાત્મયની કથા સંભળાવી હતી. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે માળા કેવી રીતે કરવી અને શ્રી સ્વામિનારાયણ મંત્રજાપ વિશે સમજાવ્યું હતું. ૧૯ માર્ચના ગુરુવારે સાંજે ૫ થી ૯ શ્રી શિવા વિષ્ણુ ટેમ્પલ ખાતે આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સંતોમાં અમદાવાદ મંદિરના મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, શા.સ્વામી નારાયણવલ્લભદાસજી, મહંતશ્રી દેવ સ્વામી, શા.સ્વામી રામકૃષ્ણદાસજી અને પા.

વનરાજ ભગત આદિ સૌ સભામાં પધાર્યા હતા. સૌ પ્રથમ 'આજ મારે ઓરડે રે' પદથી પ્રારંભ થયો હતો. ત્યાર બાદ મહંત સ્વામીએ શ્રીજી મહારાજના ચાર ગૂઢ સંકલ્પો પૈકી દેવ, આચાર્ય, ધર્મકુળ દીક્ષીત-આશ્રિત સંત અને બે ગાદીના પ્રમાણિત શાસ્ત્રોની સુંદર વાત કરીને ધર્મકુળ વંદના મહોત્સવ આપણા આદિ આચાર્ય પ.પૂ.શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના જન્મ દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવવા અંગેની સંપૂર્ણ માહિતી સભામાં સાંગોપાંગ જણાવી હતી. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ શ્રીજી મહારાજનું ભજન કરવાનો આનંદ એજ જીવનનો ખરો આનંદ છે. અહીંનો સત્સંગ જોઈ ખૂબ પ્રસન્ન થઈ ઉત્તરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ પાઠવ્યા હતા. હરિભક્તોએ ક્રમશઃ ચરણ સ્પર્શ દર્શન કરી ખૂબ લાગણી શીલ બન્યા હતા. આજે સભામાં ૨૫૦ ઉપરાંત હરિભક્તો લાભ લઈ કૃતાર્થ થયા હતા.

(કનુભાઈ પટેલ)

શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટર (યુ.કે.)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૪-૧-૦૯ રવિવારે ૩ કલાક શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન્ય રાખવામાં આવી હતી. આ પ્રસંગે આપણા સંતો શા. સ્વામી સત્યપ્રકાશદાસજી અને શા. સ્વામી ભક્તિકેશવદાસજી પધાર્યા હતા.

તા. ૧૦-૧-૦૯ના બન્ને સંતોએ સમહૂ મહાપૂજા વિધિ સુંદર રીતે કરાવી હતી. જેના યજમાન હસમુખભાઈ લક્ષ્મીકાંતભાઈ વાઢેર પરિવાર રહ્યાં હતા.

વસંતપંચમીના શ્રી શિક્ષાપત્રી ભાષ્યની કથાનું શા.સ્વા. સત્યપ્રકાશદાસજી અને શા. સ્વામી ભક્તિકેશવદાસજીએ સુંદર શૈલીમાં રસપાન કરાવ્યું હતું. જેના યજમાન શ્રી રણછોડભાઈ ચોટલીયા અને શ્રી છગનલાલ ટાંક રહ્યા હતા. હરિભક્તોએ કથા શ્રવણ અને દેવ દર્શનનો અનેરો લાભ લીધો હતો.

(કાનજીભાઈ માલવી)

આપણા ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ) (આઇ.એસ.એસ.ઓ.) શ્રી સ્વામિનારાયણ મંદિરનો પ્રથમ પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો

ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપા તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ અને આજ્ઞાથી અને હરિભક્તોના સાથ સહકારથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઓકલેન્ડનો પ્રથમ પાટોત્સવ ૨૧ માર્ચના રોજ ખૂબજ ધામધૂમથી ઉજવાયો.

દેવોના દિવ્ય અભિષેકની ભવ્ય ઉત્સવની શરૂઆત થઈ. અભિષેક-આરતી બાદ ભવ્ય અન્નકૂટ-દર્શન થયા હતાં. જેમાં ઘણા હરિભક્તોએ પોતાની સેવાઓ આપી.

બપોરના ઔપચારિક કાર્યક્રમમાં ભાગ લેવા અને દર્શન માટે મનાકુ કાઉન્ટીના મેયર શ્રી લેન બ્રાઉન ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત શ્રી કે.એસ. બક્ષી, શ્રી રાજેનપ્રસાદ તેમજ સુ.શ્રી કેરોલ બ્યુમોન્ટ અને તમામ સંસદ સભ્યો પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યાં હતા. તેઓએ મંદિરની નિરવ શાંતિ સુંદરતા અને ભારતીય સંસ્કૃતિનું કલા કારીગરી વાળુ આ ભવ્ય મંદિર જોઈ ખૂબજ પ્રભાવિત થયા હતા. માત્ર એક જ વર્ષના સમયમાં આ મંદિર દ્વારા સંપ્રદાયની પરંપરા મુજબના તમામ અગત્યના ઉત્સવો ભવ્ય રીતે યોજીને ત્યાંના સ્થાનિક ભારતીયોના મનમાં આગવું સ્થાન પ્રાપ્ત કરેલ છે. સમગ્ર આયોજનમાં મંદિર નિર્માણ કર્તા આપણા પ.ભ. ડૉ. કાંતિભાઈ પટેલનું સમસ્ત કુટુંબ મંદિરના દરેક ઉત્સવમાં સતત કાર્યરત હોય છે. છેલ્લે અન્નકૂટ-આરતી પછી તમામ દર્શનાર્થી અને હરિભક્તોએ મહા પ્રસાદનો લાભ લીધો હતો.

શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ નડોલા ઝાંબીયા

અહીંયા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પૂ. લાલજીમહારાજશ્રીના આશીર્વાદથી આપણા હરિભક્તો દ્વારા દર માસે સત્સંગ સભાનું આયોજન કરવામાં આવે છે. જેમાં એકાદશી એ અને દર અઠવાડીયે સભામાં ધૂન-ભજન કીર્તન અને નિત્ય નિયમ આરતી વગેરે ૩ કલાક સુધી કરવામાં આવે છે. શિક્ષાપત્રીનું વાંચન, ૨૭૩ વચનામૃત, ભક્ત ચિંતામણી આદિ આપણા શાસ્ત્રોનું વાચન સભામાં કરવામાં આવે છે.

(જયેશ આર. પટેલ)

યુ.એસ.એ.માં આપણી 'સેવા' સંસ્થા દ્વારા યોજાયેલ ફ્રી મેડીકલ કેમ્પ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ સહ પ્રેરણાથી અમેરિકામાં (આઈ.એસ.એસ.ઓ. સંચાલિત) આપણી 'સેવા' સંસ્થા દ્વારા આપણા આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટરો અને મંદિરોમાં નીચે મુજબ ફ્રી મેડીકલ કેમ્પ યોજાયા હતા.

કાર્યક્રમ : પેડીઆટ્રીક હેલ્થ ફેર

સેવાઓ : વેલ ચાઈલ્ડ કેર વીઝીટ ● ૧૮ વર્ષથી નાની વયના તમામ માટે ડેવલપમેન્ટ સ્ક્રીનીંઝ રવિવાર ૫ એપ્રિલ સાંજે ૫-૩૦ થી ૭-૩૦.

શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા

મોડરેટર્સ : રક્ષા પટેલ, સી.એમ.એ. રોહીણી નાવલેકર, બી.ઈ.એમ.પી.એ. પરીમલ પટેલ.

ડેન્ટલ હેલ્થ ફેર

બાળકો અને મોટા માટે ડેન્ટલ ચેક-અપ શનિવાર ૨૫ એપ્રિલ ૨૦૦૯ સાંજે ૫-૩૦ થી ૭-૩૦

શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા

ઉપર મુજબના મેડિરેટર્સની ટીમે સેવા આપી હતી.

આપણા કલિવલેન્ડ (અમેરિકા આઈ.એસ.એસ.ઓ.) મંદિરનો પ્રથમ પાટોત્સવ ઉજવાયો

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી વિશ્વ વંદનીય પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞા અને આશીર્વાદથી મહંત સ્વામી હરિનંદનદાસજીના સહયોગથી આઈ.એસ.એસ.ઓ. કલિવલેન્ડ મંદિરનો પ્રથમ પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રીની શુભ નિશ્રામાં ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી રચિત સ્નેહગીતાની કથા શા. ધર્મવલ્લભદાસજીએ સુંદર રીતે કરી હરિભક્તોને ખૂબ રાજી કર્યા. તા. ૧૮ એપ્રિલ સવારે ૯ થી ૧૨ મારૂતિ યજ્ઞનું સુંદર આયોજન રાખવામાં આવ્યું હતું. તથા તા. ૧૯ એપ્રિલ પાટોત્સવના પાવન પ્રસંગે પ્રાતઃ ૬-૩૦ કલાકે ઠાકોરજીની મંગળા આરતીનો લાભ વિશાળ સંખ્યામાં હરિભક્તોએ લીધો. ત્યારબાદ ઠાકોરજીનો મહા અભિષેક પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્‌ હસ્તે વેદવિધિસર ષોડશોપચાર પૂર્વક સંપન્ન થયો. પંચાહ પારાયણની પૂર્ણાહુતિ પૂ. મોટા મહારાજશ્રી સાથે યજમાનોએ આરતી કરીને કરી. પ્રાસંગિક સભામાં ન્યુજર્સીથી પધારેલા શાસ્ત્રી સ્વામી માધવપ્રસાદજી તથા શિકોગાથી પધારેલા શાસ્ત્રી સ્વામી હરિપ્રસાદદાસજીએ પ્રસંગને અનુરૂપ પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે શિકાગો, ન્યુજર્સી, ડીટ્રોઈટ, કોલંબસ, સિનસીનાટી, ટેનેસી, પેન્સીલવેનિયા, વર્જીનીયા, ડેલાવર, બોસ્ટન, ન્યુયોર્ક વગેરે આઈ.એસ.એસ.ઓ. મંદિર તથા ચેપ્ટરોમાંથી સત્સંગીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ મેળવ્યા હતા.

સમસ્ત સભાને પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તથા આ પ્રસંગે ન્યુજર્શીથી પ.પૂ. બિંદુરાજાએ પધારીને બહેનોને દર્શન તથા આશીર્વાદ આપ્યા હતા. સભાના અંતમાં કલિવલેન્ડ મંદિરના પ્રમુખ શ્રી પ્રકાશભાઈએ સભાની આભાર વિધિ કરી હતી. સભા સંચાલન મહંત સ્વામીએ કર્યું હતું. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ શણગાર તથા અન્નકૂટ આરતી ઉતારીને હરિભક્તોને અલૌકિક લાભ આપ્યો હતો.

આ પ્રસંગમાં પાટોત્સવના યજમાન પ.ભ. મનહરભાઈ ચેતનાબહેન પટેલ, પારાયણના યજમાન પ.ભ. જયદીપભાઈ, રેશ્માબેન પટેલ, અભિષેકના યજમાન પ.ભ. પ્રકાશભાઈ અને ક્રીનાબેન પટેલ તથા પ.ભ. ભરતકુમાર અને દક્ષાબેન પટેલ. અન્નકૂટના મુખ્ય યજમાન પ.ભ. ગીરીશભાઈ અને દિપીકાબેન પટેલ રહ્યા હતા.

મારૂતિયજ્ઞના યજમાન પ.ભ. રિખવચંદ જીવણલાલ પટેલ પરિવારે તથા અન્ય હરિભક્તોએ લાભ લીધો હતો. આ પ્રસંગમાં દરેક નાના મોટા હરિભક્તોની સેવા પ્રેરણારૂપ હતી. *(પ્રકાશભાઈ પટેલ)*

સાઉથજર્સી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં હનુમાન જયંતી

સાઉથજર્સી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી તેમજ શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજીની શુભ પ્રેરણાથી તા. ૯, એપ્રિલ ચૈત્ર સુદ-૧૫ શ્રી હનુમાનજી જયંતીના શુભ દિને પંચકુડી મારૂતિ મહાયજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું. યજ્ઞના મુખ્ય યજમાન પ.ભ. શ્રી કનુભાઈ કાંતિલાલ પટેલ મોખાસણવાળા એવં બીજા અન્ય યજમાનોએ સારી સેવા કરીને દિવ્ય લાભ લીધો. ત્યારબાદ સત્સંગ સભામાં શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજીએ શ્રી હનુમાનજીના જન્મ પ્રસંગની તથા શ્રી હનુમાનજી ધર્મકુળના કુળદેવ છે તેનો મહિમા સમજાવી પુરુષોત્તમપ્રકાશ નામના ગ્રંથમાં રહેલો ધર્મકુળનો યર્થાથ મહિમા સમજાવ્યો હતો. ઘણી મોટા સંખ્યામાં હરિભક્તોએ યજ્ઞમાં દર્શન કર્યા હતા. ત્યારબાદ પ્રમુખ પ.ભ. રાજુભાઈ ભક્તિભાઈ (વડુવાળા)એ આભાર વિધિ કરી હતી. *(નવિનભાઈ જી. પટેલ રાજપુર)*

આપણા આગામી ઉત્સવો

જેઠ સુદ-૨ તા. ૨૬-૫-૦૯ પ્રાંતીજ મંદિર પાટોત્સવ

જેઠ સુદ-૫ તા. ૨૯-૫-૦૯ વાલી (રાજ.) અને બામરોલી (એમ.પી.) મંદિર પાટોત્સવ

જેઠ સુદ-૯ થી ૧૧ તા. ૧-૬-૦૯ થી તા. ૩-૬-૦૯ આદિ આચાર્ય પ.પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી જન્મ દ્વિશતાબ્દી ધર્મકુળ વંદના મહોત્સવ
સર્વોપરિ છપૈયાધામ મંદિર પાટોત્સવ

જેઠ સુદ-૧૩ તા. ૫-૬-૦૯ ઈડર મંદિર પાટોત્સવ

જેઠ વદ-૧૨ તા. ૨૦-૬-૦૯ વડનગર મંદિર પાટોત્સવ

અષાઢ સુદ-૪ તા. ૨૬-૬-૦૯ અયોધ્યા મંદિર પાટોત્સવ

અષાઢ સુદ-૧૫ તા. ૭-૭-૦૯ મંગળવાર ગુરુ પૂર્ણિમા
અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સંપ્રદાયના વડા ધર્મગુરુ શ્રીહરિનું સાક્ષાત્‌ સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું પૂજન-અર્ચન

અષાઢ વદ-૧૦ તા. ૧૭-૭-૦૯ શુક્રવાર સંપ્રદાયના ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૧૨ મો પ્રાગટ્યોત્સવ.

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦ મુકતાબેન બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ - વિલેપાર્લા
૧૦૧-૦૦ મીનાબેન જગદીશ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ - વિલેપાર્લા
૧૦૧-૦૦ સરલાબેન ભરત પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ - વિલેપાર્લા
૧૦૧-૦૦ લીનાબેન કીર્તિકુમાર પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ - અમેરિકા
૧૦૧-૦૦ ચંદ્રિકાબેન મહેન્દ્ર પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ - નાઈરોબી
૧૦૧-૦૦ રીટાબેન દિલીપ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ - વિલેપાર્લે
૧૦૧-૦૦ સ્નેહા જગદીશ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ - નાઈરોબી
૧૦૧-૦૦ રૂચિતા જગદીશ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ - નાઈરોબી
૧૦૧-૦૦ જીનલ ભરત પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ - વિલેપાર્લા
૧૦૧-૦૦ મિતલ ભરત પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ - વિલેપાર્લા
૧૦૧-૦૦ હેતવી દિલીપ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ - વિલેપાર્લા
૧૦૧-૦૦ પુષ્પાબેન હેમરાજ મારવી શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	જીરાગઢ - અમદાવાદ
૧૦૧-૦૦ પટેલ તારાબેન લાલજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	સઈજ
૫૦૦-૦૦ અમિતકુમાર જગજીવનભાઈ પટેલ લગ્ન પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે	લીલાપુર
૧૦૧-૦૦ દરબાર જસરાજસિંહજી મયુરધ્વજસિંહજી શ્રીજી પ્રસન્નાર્થે	ડાંગરવા
૧૦૧-૦૦ ડૉ. અંકિતભાઈ ભરતભાઈ યાજ્ઞિક પુત્ર જન્મ પ્રસંગે	
૧૫૧-૦૦ પટેલ રાવજીભાઈ તળસીભાઈ ચિ. જીગર તથા શીતલને ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે	સાબરમતી
૨૦૧-૦૦ શેલત શારદાબેન વિનોદભાઈ ચિ. શેહવલની જનોઈ નિમિત્તે	અમદાવાદ
૩૦૦-૦૦ શેલત કિલ્લોલભાઈ વિનોદભાઈ માતા પિતાના ઋણ નિમિત્તે	અમદાવાદ
૨૦૧-૦૦ ક્રિષ્ણા, ખુશ્બુ તથા માહિ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૫-૦૦ મોદી નિલુ ગૌતમભાઈ જન્મ દિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ ઠક્કર તુલસીભાઈ છગનલાલ ચિ. વિક્રમને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	ડીસા
૧૦૧-૦૦ ભાવસાર દિનેશચંદ્ર કાંતિલાલ ચિ. પાયલબેનની ત્રીજી પુણ્ય તિથિ નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦ ચૌધરી ગૌરાંગ જીવણભાઈ ગાડી લાવ્યા તે નિમિત્તે	બાલવા
૧૦૧-૦૦ પટેલ પ્રભુભાઈ દેવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	કમળાપુર
૧૦૮-૦૦ પટેલ હંસાબેન ઘનશ્યામભાઈ પ્રદિક્ષણા કરી તે નિમિત્તે	કનીપુર
૧૦૧-૦૦ પટેલ પંકજભાઈ લાલાભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	આનંદપુરા
૧૦૧-૦૦ કા. પ્રજ્ઞેશકુમાર કિરીટકુમાર લગ્ન પ્રસંગે	કોઠંબા
૧૦૧-૦૦ પટેલ ભીખીબેન નારણભાઈ ફલેટ લીધો તે નિમિત્તે	સાપાવાડા
૧૦૧-૦૦ ચાવડા નરેશભાઈ કનુભા ચિ. પ્રણવસિંહના લગ્ન પ્રસંગે	બળોલવાળા
૨૦૨-૦૦ મકવાણા કિરીટભાઈ કલ્યાણજીભાઈ ચિ. હેમાંગ તથા ચિ. નિલમ, ચિ. હાર્દિક અને ચિ. પ્રીતિના લગ્ન પ્રસંગે	વાપી
૨૦૧-૦૦ પટેલ પ્રતિક રમેશભાઈ પ્રથમ પગાર નિમિત્તે	ડાંગરવા
૨૫૦-૦૦ પટેલ બિપીનભાઈ ગોપાળભાઈ ચિન્ટુને લેકચરરની જોબ મળી તે નિમિત્તે	વિહાર
૧૦૦-૦૦ પટેલ ગોવિંદભાઈ સોમદાસ ચિ. પિયુષ પરિવાર સહ કેનેડા ગયા તે નિમિત્તે	રાણીપ
૧૦૧-૦૦ પટેલ મફતલાલ સોમનાથ ટી.વી. લાવ્યા તે નિમિત્તે	કુંડાળ
૨૦૨-૦૦ મોરી રણછોડભાઈ કરશનભાઈ ભાણેજ કુણાલ અને દેવાંગના જન્મ દિન નિમિત્તે	કાલીયાણા
૫૦૧-૦૦ સહિજ મહિલા સત્સંગ મંડળ રામનવમી નિમિત્તે	
૧૦૦-૦૦ પટેલ પ્રહલાદભાઈ બબલદાસ શ્રીજી પ્રસન્નાર્થે	ધોળાકુવા
૧૦૧-૦૦ પટેલ રાજેન્દ્ર રતિલાલ ચિ. હર્ષલના જન્મ દિન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦ સોલંકી ગાંડાભાઈ ગોબરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	ડેમાઈ
૧૦૧-૦૦ ઉપાધ્યાય કુમુદભાઈ શ્રીહરિ જયંતી નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ ઉપાધ્યાય હીરલબેન કુમુદભાઈ એમ.બી.એ.માં બીજા સેમિસ્ટરમાં ૭૨ ટકા આવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ ભાવસાર રમેશચંદ્ર શાંતિલાલ ચિ. જિજ્ઞેશને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	અમદાવાદ

૧૦૧-૦૦ વાધેલા તારાબેન ઘનશ્યામભાઈ શ્રીહરિ જયંતી નિમિત્તે	ગોધાવી
૨૦૨-૦૦ પટેલ શંકરભાઈ કોદરભાઈ ચિ. હર્ષદકુમાર અને ચિ. પરેશકુમારના લગ્ન પ્રસંગે	મારૂવાડા
૨૦૨-૦૦ પટેલ વલ્લભભાઈ ખેમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	વસઈ ટીંબા
૧૦૧-૦૦ પટેલ જીવીબેન કેશવલાલ જન્મ દિન નિમિત્તે	રાજપુર
૩૦૧-૦૦ મીસ્ત્રી અમૃતલાલ પ્રભુદાસ પુણ્ય તિથિ નિમિત્તે	રાણીપ
૧૦૧-૦૦ પટેલ અલ્પેશભાઈ વિષ્ણુભાઈ શ્રીહરિ જયંતી નિમિત્તે	આનંદપુરા
૧૦૧-૦૦ ગાંજાવાલા હર્ષાબેન શ્રીહરિ જયંતી નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ પટેલ કાંતિભાઈ મોહનભાઈ શ્રીહરિ જયંતી નિમિત્તે	રાજકોટ
૧૦૧-૦૦ એક હરિભક્ત શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ પટેલ ઘનશ્યામભાઈ મગનદાસ શ્રીહરિ જયંતી નિમિત્તે	આનંદપુરા
૧૨૫-૦૦ ગં.સ્વ. જ્યોતિબેન રાજેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે	ઉવારસદ
૧૦૧-૦૦ ઝાલા ઘનશ્યામસિંહ વાઘુભા ચિ. ભાણેજ હરદિપસિંહ ભીમસિંહ ફર્સ્ટ એન્જી. માં પાસ થયા તે નિમિત્તે	અડવાળ
૧૦૧-૦૦ ઝાલા બળવંતસિંહ માનભા મોટા પુત્રને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	અડવાળ
૧૦૦-૦૦ પટેલ અજયકુમાર શાંતિલાલ નવું હિરો હોન્ડા લાવ્યા તે નિમિત્તે	રાણીપ
૧૦૦-૦૦ વિજય વિડીયો વિઝન શ્રીજી પ્રસન્નાર્થે	રાણીપ
૧૦૧-૦૦ પટેલ રમેશભાઈ હિરાલાલ ચિ. અંકિત ડિપ્લો. મિકેનીકલમાં પાસ થયા તે નિમિત્તે	લક્ષ્મણપુરા
૧૧૧-૦૦ મોદી નટવરલાલ રણછોડલાલ શ્રીહરિ પ્રાગટ્યોત્સવ દિન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦ મોદી જયમીન નવનીતભાઈ ચિ. સિમિતને ટર્ફ સ્કુલમાં એડમીશન નિમિત્તે	રાણીપ
૧૦૧-૦૦ ભાવસાર અશોકભાઈ ગોરધનદાસ જન્મ દિન નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦ તારબુંદીયા ભગવાનજીભાઈ ઠાકરસીભાઈ પુત્ર જન્મ પ્રસંગે	ઘનશ્યામનગર
૧૦૧-૦૦ ટાંક ગોપાળભાઈ શ્રી નરનારાયણદેવની કૃપાથી પ્રમોશન મળ્યું તે નિમિત્તે	મોરબી
૧૦૧-૦૦ પટેલ પ્રેમીલાબેન બાબુભાઈ શ્રીહરિ જયંતી રામનવમી નિમિત્તે	મોરબી
૧૦૧-૦૦ અ.નિ. કાછીયા મધુબેન જગદીશચંદ્ર ત્રીજી પુણ્ય તિથિ નિમિત્તે	લુણાવાડા
૧૦૧-૦૦ કાછીયા સંજયભાઈ તથા નિલકંઠભાઈ નવા મકાનના વાસ્તુ પ્રસંગે	લુણાવાડા
૨૦૦-૦૦ મોદી અમૃતલાલ મગનલાલ શ્રીહરિ પ્રાગટ્યોત્સવ પ્રસંગે અને ચિ. ધરતીને ટર્ફ સ્કુલમાં એડમીશન નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦ પટેલ ભાનુબેન શ્રીજી પ્રસન્નાર્થે	મેઘાણીનગર
૧૦૦-૦૦ પટેલ શોભનાબેન દલસુખભાઈ શુભ લગ્ન પ્રસંગે	વિરમગામ
૧૦૧-૦૦ મીસ્ત્રી અંકિતભાઈ બંસીલાલ શ્રીજી પ્રસન્નાર્થે	નવાવાડજ
૧૦૦-૦૦ વેકરીયા મંજુલાબેન વિઠ્ઠલભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	ગાંધીનગર
૧૦૧-૦૦ ભાવસાર સાવીત્રીબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ મીસ્ત્રી મિરલ ધનજીભાઈ પુત્રીનાં જન્મ દિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ પટેલ સ્મિત સુજલભાઈ તા. ૧૫-૪-૦૪ જન્મ દિન નિમિત્તે	નોર્થ કેરોલીના અમેરિકા
૧૦૧-૦૦ રામપરીયા દયાબેન જગદીશભાઈ ચિ. નિશાંતના જન્મ દિન નિમિત્તે	જીરાગઢ
૧૦૦-૦૦ ચૌધરી નારણભાઈ શીવાજી વેગન આર ગાડી લાવ્યા તે નિમિત્તે	બાલવા
૧૦૧-૦૦ અ.નિ. પટેલ ડાહ્યાભાઈ શીવાભાઈના સ્મરણાર્થે	સોજા
૧૦૦-૦૦ ટાંક રમાબેન બાબુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ
૧૧૧-૦૦ પટેલ રમેશભાઈ અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે	વહેલાલ
૨૦૧-૦૦ ચૌહાણ મગનભાઈ પરસોત્તમભાઈ નવી ટ્રક લીધી તે નિમિત્તે	નવસારી
૧૫૧-૦૦ માંગુકિયા કલ્પેશકુમાર ઘનશ્યામભાઈ લગ્ન પ્રસંગે	બાઢડા
૧૫૧-૦૦ પટેલ હરજીવનદાસ રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	રતનપુર
૧૦૧-૦૦ પટેલ રામાભાઈ વાલાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	રતનપુર
૧૦૧-૦૦ પટેલ પ્રવિણચંદ્ર રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	રતનપુર
૧૦૫-૦૦ પટેલ મનસુખભાઈ ઉકાભાઈ જમનાબાના સ્મરણાર્થે	રતનપુર
૧૦૧-૦૦ ચૌહાણ રમેશભાઈ કેશવલાલ શ્રીજી પ્રસન્નાર્થે	ગાંધીનગર

૧૫૧-૦૦ પ્રજાપતી પ્રવિણભાઈ શંભુભાઈ નવી મોબાઈલની દુકાન કરી તે નિમિત્તે	ચાણસ્મા
૧૦૧-૦૦ પટેલ મનોરમાબેન પિયુષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	સુકાટીંબા
૧૧૦-૦૦ પટેલ ઘનશ્યામભાઈ શકરાભાઈ પ્રથમ પગાર નિમિત્તે	ખેરોલ
૧૦૧-૦૦ ટાંક ખ્યાતિ જીતેન્દ્ર ૯૦ ટકા લાવ્યા તે નિમિત્તે	
૧૦૧-૦૦ પટેલ દેવાંગ વિષ્ણુભાઈ જન્મ દિન નિમિત્તે	કલોલ
૧૧૧-૦૦ પટેલ દિપકુમાર રાજેશભાઈ ઓપરેશન સફળ થયું તે નિમિત્તે	ખેરવા
૧૦૧-૦૦ પટેલ નિરવકુમાર નિતિનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	રનેલા
૧૦૦-૦૦ રાણા પ્રવિણસિંહ વાઘુભા પ.પૂ. મોટા મહારાજશ્રીના પ્રાગટ્યોત્સવ દિન નિમિત્તે	તાવી
૧૦૦-૦૦ પ્રજાપતિ બટુકભાઈ માવજીભાઈ પ.પૂ. મોટા મહારાજશ્રીના પ્રાગટ્યોત્સવ દિન નિમિત્તે	બાવળા
૧૦૦-૦૦ ઠક્કર પ્રાચી સચિનકુમાર પ.પૂ. મોટા મહારાજશ્રીના પ્રાગટ્યોત્સવ દિન પ્રસંગે	કડી
૧૦૧-૦૦ પટેલ લક્ષ્મણભાઈ જોઈતારામ શ્રીજી પ્રસન્નાર્થે	સોજાવાળા
૧૦૧-૦૦ પટેલ સંદિપ પંકજકુમાર નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ પટેલ લલીતાબેન ઈશ્વરભાઈ તેમના માતુશ્રીના સ્મરણાર્થે	ભાત
૫૦૧-૦૦ પટેલ હરજીવનદાસ દેવજીભાઈ એલ.આઈ.સી. એજન્ટ નડીયાદ ડીવીઝનમાં પ્રથમ સ્થાન નિમિત્તે	ગોઠીબ
૧૫૧-૦૦ પટેલ મણીલાલ હરિભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	રાયણીયા
૫૦૧-૦૦ પટેલ અંબાલાલ વિઠ્ઠલભાઈ ચિ. ગીતાબેનના લગ્ન પ્રસંગે	નાંદોલ
૧૦૧-૦૦ પટેલ ઓમ પરેશભાઈ સાકર તુલા નિમિત્તે	મોટા ઉભડા
૧૦૧-૦૦ ગજ્જર રાજેશ કાંતિલાલ નવી ગાડી લીધી તે નિમિત્તે	અમદાવાદ
૧૧૧-૦૦ શ્રી નરનારાયણદેવ કિરાણા સ્ટોર્સ શ્રીજી પ્રસન્નાર્થે	મારૂસણા
૫૦૦-૦૦ મેવાડા પ્રહલાદભાઈ ગણપતભાઈ ચિ. પુત્ર જયેશભાઈની પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે	કણભા (વિજાપુર)
૧૦૦-૦૦ ચાવડા ગોવિંદભાઈ જેશંગભાઈ નરોડા નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	બળોલ (ભાલવાળા)
૨૫૦-૦૦ પટેલ ભરતભાઈ દ્વારકાદાસ ચિ. પુત્રી ચિન્કુના લગ્ન પ્રસંગે	મોટેરા
૧૦૦-૦૦ પટેલ જી. આઈ. શ્રીજી પ્રસન્નાર્થે	ગોવિંદપુરા વેડા
૧૦૦-૦૦ સોની ધીરજબેન લાલજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	
૧૦૧-૦૦ પટેલ કેવલભાઈ અજીતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	ઉવારસદ
૧૦૧-૦૦ પટેલ ગોરધનભાઈ વાડીલાલ ૬૨ માં જન્મ દિન નિમિત્તે	કલોલ
૧૦૦-૦૦ પટેલ જયંતીભાઈ છનાભાઈ લંડન ગયા તે નિમિત્તે	વહેલાલ
૧૦૦-૦૦ મોરી જયવદન ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	કાલીયાણા
૧૦૧-૦૦ પટેલ આશાબેન ભક્તિભાઈ લગ્ન નિમિત્તે	વડુ
૧૦૦-૦૦ અનિ. સતીષચંદ્ર રમણલાલ પટેલ ૮ મી પુણ્ય તિથિ નિમિત્તે	હાંસોલ
૧૦૧-૦૦ પટેલ ચંદ્રિકાબેન સુભાષભાઈ ચિ. ઋષીના જન્મ દિન નિમિત્તે	ઈશનપુર
૫૦૦-૦૦ ડૉ. રશેષ અતુલભાઈ પોથીવાલા નવી ગાડી લીધી તે નિમિત્તે	અમદાવાદ

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

અમદાવાદ (હાલ વિસનગર) : શ્રી સ્વામિનારાયણ મંદિરના સંત સ.ગુ. સ્વામી હરિચરણદાસજી (ઉ. ૯૫ વર્ષ) ગુરુ સ્વામી દેવનંદનદાસજી તા. ૧-૪-૨૦૦૯ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

નીચેના હરિભક્તો શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. ઉમેશભાઈ નટવરભાઈ પટેલ (ગામડીવાળા) તા. ૧૮-૩-૨૦૦૯.
ઉનાવા : પ.ભ. ભગાભાઈ આદરભાઈ પટેલ (માજી કોઠારી) તા. ૧૦-૪-૨૦૦૯.
બાપુપુરા : પ.ભ. બાબુભાઈ પ્રભુદાસ ચૌધરી તા. ૧૮-૩-૨૦૦૯.
ચાંદલોડીયા : પ.ભ. સાકરબેન નાગજીભાઈ પટેલ તા. ૯-૩-૨૦૦૯.
અમદાવાદ : પ.ભ. પ્રહલાદભાઈ ડાહ્યાલાલ તા. ૨૬-૧૧-૨૦૦૮.
માણસા : પ.ભ. રમણલાલ મગનલાલ મોદી તા. ૭-૪-૨૦૦૯.

સંપાદક, મુદ્રક અને પ્રકાશક : મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.



પ.પૂ.મોટા મહારાજશ્રીના ૬પમાં પ્રાગટ્યોત્સવ પ્રસંગે પ.પૂ.
લાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં સમૂહ આરતી ઉતારતાં પૂજનીય સંતો



પ.પૂ.મોટા મહારાજશ્રીના ૬પમાં પ્રાગટ્યોત્સવ પ્રસંગે સભાને
આશીર્વાદ આપતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી



ગુલાબપુરા નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં (બહેનોનું)
મૂર્તિ પ્રતિષ્ઠાની આરતી ઉતારતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



ભાવનગરપુરા મંદિરમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારતા
યજમાન પરિવાર સાથે બ્ર.પૂજારી રાજેશ્વરાનંદજી અને કોઠારી જે.કે.સ્વામ



ઘાટલોડીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પાટોત્સવ પ્રસંગે
પ.પૂ.આચાર્ય મહારાજશ્રીની સમૂહ આરતી ઉતારતાં હરિભક્તો



કંજરીકંપા ગામે સભામાં શ્રી ડાહ્યાભાઈ કોઠારીને આશીર્વાદ આપત
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી






Registered under RNI-GUJGUJ/2007/20221"Permitted to post at
Ahd PSO on 11th every month under postal Regd. No.GAMC003 issued SSP Ahd Valid
up to 31-12-2011 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/07- 08 valid up to 31/12/2011

ધર્મકુળ વંદના મહોત્સવ પ્રસંગે આયોજીત વિજયસ્થંભ નગરયાત્રામાં દર્શન આપતાં પ.પૂ.લાલજી મહારાજશ્રી અને સાથે સંત - હરિભક્તો



સભામાં દર્શન આપતાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે બિરાજમાન પૂજનીય સંતો



શ્રી નરનારાયણ દેવ

પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

પ.પૂ. આદિ આચાર્ય
શ્રી અયોધ્યા પ્રસાદજી
મહારાજ શ્રી
જન્મ દ્વિશતાબ્દી
મહોત્સવ

ધર્મકુળ વંદના મહોત્સવ



પ.પૂ. આદિ આચાર્ય
શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી

તા. ૧ થી ૩ જૂન ૨૦૦૯ જેઠ સુદ ૯ થી ૧૧ સુધી

સ્થળ:- ગણેશ હાઉસીંગ કોર્પો.લી., સરખેજ-ગાંધીનગર રોડ,
થલતેજ ચોકડીથી સોલા બ્રીજ વચ્ચે, થલતેજ, અમદાવાદ



પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮



-:આયોજક:-

Kharsani

dish offset